અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૬ એપ્રિલ ૨૦૨૫, રવિવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, ચૈત્ર સુદ ૯ | અંક : ૨૭૩ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886



## મધરાતે ઘરમાં ઘૂસીને પડોશી યુવકે સગીરાની છેડતી કરી

। (એજન્સી) અમદાવાદ, તા.૫ ।

નરોડા મેમ્કા વિસ્તારમાં મધરાતે પડોશી યુવક સગીરાના ઘરમાં ઘૂસીને તેની છેડતી કરીને ભાગી ગયો હતો. જેમાં સગીરા વોશરુમ કરવા બાથરૂમ પાસે ગઈ ત્યારે યુવક ઉભો અને અચાનક પકડી છેડતી કરી હતી. પાંચ મહિના પહેલા પણ યુવકે સગીરાને ધાબા પર જઈને છેડતી કરીને રિલેશનશીપ માં રહેવા દબાણ કર્યુ હતુ. આ બનાવ અંગે શહેરકોટડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.પાંચ મહિના પહેલા પણ યુવકે સગીરાને ધાબા પર જઈને છેડતી કરી સંબંધ રાખવા દબાણ કર્યું હતું : શહેરકોટડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરીમેમ્કો પાસેની ચાલીમાં રહેતી મહિલાએ શહેર કોટડા પોલીસ સ્ટેશનમાં પડોશમાં રહેતા યુવક સામે ફરિયાદ નોંધાવી છે કે મહિલા તેની ૧૫ વર્ષીય સગીર પુત્રી અને પરિવાર સાથે તા. ૨ એપ્રિલે ઘરમાં બીજા માળે સૂઈ ગઈ ગયા હતા અને મધરાતે સગીરા વોશરુમ કરવા બાથરૂમ પાસે ગઈ હતી તે સમયે પાડોશી યુવક અચાનક તેની પાસે આવીને તેની છેડતી કરવા લાગ્યો હતો.

## ધ્રાંગધ્રા-અમદાવાદ-કચ્છ બાયપાસ રોડ પર ઓઈલ ઢોળાતા વાહનો પલટી ગયા

। (એજન્સી) સુરેન્દ્રનગર, તા.૫ ।

ધ્રાંગધ્રા-અમદાવાદ-કચ્છ બાયપાસ રોડ પર ટેન્કરમાંથી ઓઈલ ઢોળાતા અનેક વાહનચાલકોને હાલાકી ભોગવવાનો વારો આવ્યો હતો. વાહનો પલટી જવાના બનાવો પણ બન્યા હતા. જેથી પોલીસ કાફલો ઘટના સ્થળે આવી પહોંચ્યો હતો અને એક તરફનો રસ્તો બંધ કરાવી બંદોબસ્ત ગોઠવ્યો હતો.ધ્રાંગધ્રા-અમદાવાદ-કચ્છ બાયપાસ રોડ પર મોડીસાંજે ઓઈલ ભરેલા ટેન્કરનો અચાનક પાછળથી વાલ્વ ખુલી જતા રસ્તા પર ઓઈલ ઢોળાઈ ગયું હતું. જેના કારણે ત્યાંથી પસાર થતા અનેક વાહનચાલકોને મુશ્કેલી પડી હતી અને રસ્તા પર ઓઈલના કારણે વાહનો પલટી મારી જવાના બનાવો પણ બન્યા હતા. જ્યારે ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પીટલ લઈ જવામાં આવ્યા હતા તેમજ બીજી બાજુ ટુ વે રસ્તા પર ટ્રાફિકજામ સર્જાતા વાહનોની લાંબી કતારો લાગી જવા પામી હતી. ધ્રાંગધ્રા તાલુકા પોલીસે ઘટના સ્થળે પહોંચી એક તરફનો રસ્તો બંધ કરાવી બંદોબસ્ત ગોઠવી દીધો હતો. જો કે સદનસીબે કોઈ જાનહાનિનો બનાવ બન્યો નહોતો.

# અદાણી સમૂહે ચાર સ્વર્ણ પદક જીતવા સાથે પ્રતિષ્ઠિત IAA ઓલિવ ક્રાઉન એવોર્ડ્સ ૨૦૨૫ હાંસલ કર્યો

### ટીવી/સિનેમા (કોર્પોરેટ) અને ડિજિટલ શ્રેણીઓ માટે કોર્પોરેટ સોશિયલ ક્રુસેડર ઓફ ધ યર, ગ્રીન એડવર્ટાઇઝર ઓફ ધ યર અને શ્રેષ્ઠ ફિલ્મનો એવોર્ડ પ્રાપ્ત કર્યો

। અમદાવાદ, તા.૫ ।

ભારતના સૌથી મોટા અને સૌથી ઝડપ થી વિકસતા સંકલિત માળખાકીય વિકાસમાં હરણફાળ ભરી રહેલા અદાણી સમૂહે IAAની ઓલિવ ક્રાઉન એવોર્ડ્સની અલગ અલગ શ્રેણીઓમાં ૪ સ્વર્ણ પદક જીતીને આ ક્ષેત્રમાં ઉજળી કામગીરીનું પ્રદર્શન કર્યું છે. અદાણીને કોર્પોરેટ સોશિયલ ક્રુસેડર ઓફ ધ યર, ગ્રીન એડવર્ટાઈઝર ઓફ ધ યર માટે એવોર્ડથી સન્માનિત કરવા ઉપરાંત પંખા ફિલ્મને ઓલિવ ક્રાઉન એવોર્ડ્સ દ્વારા ટીવી/સિનેમા (કોર્પોરેટ) અને ડિજિટલ શ્રેણીઓમાં શ્રેષ્ઠ ફિલ્મનો નિર્માણ માટે બે સુવર્ણ એવોર્ડથી નવાજવામાં આવ્યું છે જે માત્ર ટકાઉપણાના અભિગમ ઉપર ભાર મૂકી તે સંબંધી આમ સમાજ સુધી એક સર્જનાત્મક શ્રેષ્ઠ સંદેશનો પ્રસાર પ્રચારની ઓળખ પ્રસ્થાપિત કરે છે.




ન્યુયોર્કમાં મુખ્ય મથક ધરાવતું ૧૯૩૮માં સ્થપાયેલ ઈન્ટરનેશનલ એડવર્ટાઈઝિંગ એસોસિએશન (IAA) એકમાત્ર વૈશ્વિક સંગઠન છે જે બજારો, વિજ્ઞાપનદાતાઓ, જાહેર ખબર એજન્સીઓ અને માધ્યમોનું પ્રતિનિધિત્વ કરે છે. તેમાં ૫૬ પ્રકરણો આવરી લેવામાં આવ્યા છે વિશ્વના ૭૬ દેશો આ સંસ્થાના સભ્યો સહિત વિશ્વની ટોચની ૧૦ અર્થ વ્યવસ્થાઓનો સમાવેશ થાય છે.

અદાણી સમૂહના ડાયરેક્ટર શ્રી પ્રણવ અદાણીએ જણાવ્યું હતું કે, "હરીત વાતાવરણ માટેની અમારી આ પહેલ ભવિષ્યની પેઢીઓ માટે પર્યાવરણની રક્ષા કરવામાં અમારા વ્યવસાયોની મહત્વપૂર્ણ ભૂમિકા ઉજાગર કરે છે. કોર્પોરેટ સોશિયલ ક્રુસેડર ઓફ ધ યર એવોર્ડ અમારી આ અતૂટ પ્રતિબદ્ધતા માટેનો જીવંત પુરાવો છે. જે લાખો ભારતીયોના જીવનની ગુણવત્તા સુધારવામાં અદાણી સમૂહના સ્વચ્છ ઉર્જા પ્રત્યે સમર્પણના સકારાત્મક પ્રભાવને ઉજાગર કરે છે. વૈકલ્પિક અને ટકાઉ ઉર્જાના સ્રોતો પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતા અમારા વ્યાપક પ્રયાસોનો પાયો છે. આ એવોર્ડની નવાજેશ અમારા કામકાજનું બહુ મોટું સન્માન છે."

પ્રેસિડેન્ટ અને હેડ ઓફ સ્ટ્રેટેજી અને ચેરમેન ઓફિસ અને ગ્રુપ હેડ - કોર્પોરેટ બ્રાન્ડ કસ્ટોડિયન શ્રી અમન કુમાર સિંહે જણાવ્યું હતું કે, "એ અદાણી સમૂહ માટે આ એવોર્ડ્સની ઉપલબ્ધી ખૂબ જ ગૌરવની ઘડી છે. આ કાર્યસિધ્ધિ એ તમામ અદાણી કર્મીઓની મહેનત અને કર્મઠ ભાવનાને સલામી છે . આ ફિલ્મ અદાણી સમૂહના વ્યાપ, કદ અને ગતિ સાથે આગળ વધે છે, જે સામાન્ય જનજીવનમાં અદાણી દ્વારા સર્જન કરવામાં આવતા ગહન પ્રભાવને અભિવ્યક્ત કરે છે. આ ફિલ્મ ફક્ત 'હમ કરકે દિખાતે હૈં'ની અદમ્ય ભાવનાની જ ઉજવણી નથી કરતી પરંતુ વર્તમાન ભારત અને ભારતીયોને પણ દીશા સૂચન કરે છે અને તમામ દેશવાસીઓનું ભવિષ્ય ઉજ્જવળ બનાવવા માટે અદાણીની અડગ પ્રતિબદ્ધતાને પણ પ્રતિબિંબિત કરે છે.

મહારાષ્ટ્ર વિધાનસભાના અધ્યક્ષ શ્રી રાહુલ નારવેકરના અતિથિ વિશેષપદે આ એવોર્ડ સમારોહ યોજાયલો હતો. અદાણી સમૂહના કોર્પોરેટ બ્રાન્ડિંગના વડા શ્રી અજય કાકરેએ આ નોંધપાત્ર સીમાચિહ્નન સમાન એવોર્ડ અદાણી સમૂહ વતી સ્વીકાર્યો હતો.

### ગુજરાત પોલીસે શરૂ કર્યો ખાસ પ્રોજેક્ટ

# '૧૦૦ નંબર પર ફોન કરશો તો પોલીસ પહેલા પહોંચી જશે ' ડ્રોન

। (એજન્સી) ગાંધીનગર, તા.૫ ।

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અને ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ ગુજરાત પોલીસ એક મહત્વપૂર્ણ પ્રોજેક્ટ "GP - DRASTI" (ગુજરાત પોલીસ - ડ્રોન રિસ્પોન્સ એન્ડ એરિયલ સર્વેલન્સ ટેક્ટીકલ ઈન્ટરવેન્શન્સ) શરૂ કરવા જઈ રહી છે. આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદેશ ગુજરાત રાજ્યમાં કોઈપણ ઘટના બનતાં પોલીસનો રિસ્પોન્સ ટાઈમ ઘટાડવો અને રિસ્પોન્સને વધુ અસરકારક બનાવવાનો છે. રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે આ પ્રોજેક્ટ અંગે માહિતી આપતા જણાવ્યું કે, ગુજરાતમાં કોઈપણ સ્થળે ઘટના બને ત્યારે પોલીસનો રિસ્પોન્સ ટાઈમ અને તે રિસ્પોન્સની ગુણવત્તા ખૂબ મહત્વની છે. આ માટે હાલ પીસીઆર વાનની વ્યવસ્થા ઉપલબ્ધ છે. પરંતુ તેને ઘટના સ્થળે પહોંચવામાં સમય લાગે છે. આ સમય ઘટાડવા અને ત્વરિત કાર્યવાહી માટે ગુજરાત પોલીસે ડ્રોનનો ઉપયોગ કરવાનો નિર્ણય લીધો છે. આ પ્રોજેક્ટ હેઠળ, પોલીસ કંટ્રોલ નંબર ૧૦૦ ઉપર ઘટનાની જાણ થતાં પોલીસ કંટ્રોલ રૂમ દ્વારા પીસીઆર વાનની સાથે ડ્રોન બેઝ સ્ટેશનને પણ સૂચના આપવામાં આવશે. પરિણામે, પીસીઆર વાનની સાથે ડ્રોન પણ ઘટના સ્થળે તાત્કાલિક રવાના થશે. પાયલોટ પ્રોજેક્ટ તરીકે સુરત અને અમદાવાદ શહેરમાં ૧૦ દિવસના પ્રયોગમાં જાણવા મળ્યું કે, ડ્રોન પીસીઆર વાનની તુલનાએ ૫૦ ટકાથી પણ ઓછા સમયમાં, કેટલીકવાર માત્ર બે થી અઢી મિનિટમાં ઘટના સ્થળે પહોંચી જાય છે. ડ્રોન દ્વારા મેળવેલા ફૂટેજ ડ્રોન બેઝ સ્ટેશનના અધિકારીઓને રીઅલ-ટાઈમમાં દેખાશે, જેના આધારે ઘટનાની ગંભીરતા અને જરૂરી પોલીસ ફોર્સનું આયોજન તાત્કાલિક કરી શકાશે. આ પ્રોજેક્ટથી પરિસ્થિતિનું ત્વરિત મૂલ્યાંકન અને અસરકારક કામગીરી શક્ય બનશે. પાયલોટ પ્રોજેક્ટની સફળતા બાદ ડ્રોનની ખરીદી શરૂ કરાઈ છે. હાલ ૮ ડ્રોન પ્રાપ્ત થઈ ચુક્યા છે, જ્યારે ૧૮થી વધુ ડ્રોન ટૂંક સમયમાં મળી જશે. પ્રથમ તબક્કામાં અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ શહેરોના ૩૩ પોલીસ સ્ટેશનો, જ્યાં ગુનાખોરીનું પ્રમાણ થોડુ વધુ છે, ત્યાં આ વ્યવસ્થા ગોઠવાશે.

## પતિએ પત્નીના પ્રેમીને લાકડીના ફટકા મારી પતાવી દીધો

। અમદાવાદ, તા.૫ ।

આણંદ જિલ્લાના ખંભાત તાલુકાના નગરા ગામમાં પતિએ પત્નીના પ્રેમી સાથે તકરાર કરીને તેને લાકડીના ફટકા મારીને મોતને ઘાટ ઉતારી દીધો હોવાની ચોંકાવનારી ઘટના ખંભાત પોલીસ મથકે નોંધાઈ છે. પોલીસે આ મામલે હત્યાનો ગુનો નોંધીને આરોપી પતિની ધરપકડ કરીને કાર્યવાહી કરી છે. આ સમગ્ર બનાવની વિગતો એવી છે કે ખંભાતના નગરા ગામમાં રહેતા રમેશ ચૌહાણની પત્ની મનીષાને છેલ્લાં સાત વર્ષથી તેના ઘર પાસે રહેતા શૈલેષ ચૌહાણ સાથે પ્રેમ સંબધ હતો. જેને લઈને નાની મોટી તકરાર ચાલતી હતી. બીજી તરફ રમેશ કોઈ ખાસ કામ કરતો ન હોવાથી મનીષા રિસાઈને તેના પિયર હાડગુડમાં રહેવા માટે જતી રહી હતી. પંરતુ, શૈલેષ ત્યાં જઈને મનીષાને લઈને આવ્યો હતો અને તેને પોતાના ઘરે જ રાખી હતી. આ બાબતને લઈને રમેશને ગુસ્સો હોવાથી તે ગત ૨૪મી માર્ચના રોજ સાંજના સમયે શૈલેષના ઘરે ગયો હતો અને મનીષાને ઘરે આવી જવા અને બાળકોનું જીવન ન બગડે તે માટે વાત કરી હતી. તેમ છતાંય, મનીષાએ તેની વાત ન માનતા તેણે તેને લાકડી મારી હતી. આ સમયે શૈલેષ વચ્ચે પડયો હતો પરંતુ, રમેશે ગુસ્સામાં આવીને તેને લાકડીથી પીઠમાં, ગુપ્ત ભાગે ઈજા પહોંચાડતા તેને પેટલાદ લઈ જવાયો હતો.જ્યાં તેનું મોત થતા પોલીસે હત્યાનો ગુનો નોંધીને આરોપી પતિની ધરપકડ કરી છે.

### જૈન મુનિ હજુ ૨ વર્ષ જેલવાસ ભોગવશે

# દુષ્કર્મ કેસમાં જૈન મુનિ શાંતિસાગર મહારાજને ૧૦ વર્ષની સજા ફટકારાઈ

। (એજન્સી) સુરત, તા.૫ ।

સુરત કોર્ટનો દુષ્કર્મ કેસમાં મહત્વનો ચુકાદો આવ્યો છે. સુરતના બહુચર્ચિત દુષ્કર્મ કેસમાં જૈન મુનિ શાંતિસાગર મહારાજને ૧૦ વર્ષની સજાનો હુકમ કરાયો છે. સાથે જ તેમને ૨૫ હજારનો દંડ પણ ફટાકારાયો છે. વર્ષ ૨૦૧૭માં અઠવા પોલીસ ચોપડે નોંધાયેલા દુષ્કર્મ કેસમાં સુરત કોર્ટે ચુકાદો આપ્યો છે. વડોદરાની શ્રાવિકા પર તાંત્રિક વિધિના નામે દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું. ત્યારે આ કેસમાં જૈન મુનિ શાંતિસાગર મહારાજને કોર્ટ દ્વારા ૧૦ વર્ષની સજા સંભળાવાઈ છે. જૈન મુનિ ૨ વર્ષ હજી જેલવાસ ભોગવશે. કારણ કે, જૈન મુનિ ૮ વર્ષ જેલવાસ ભોગવી ચૂક્યા છે. સાથે જ જૈન મુનિને ૨૫૦૦૦ હજારનો દંડ પણ ફટકારાયો છે. આ ચુકાદા વિશે સરકારી વકીલ નયના સુખડવાળાએ જણાવ્યું કે, પીડિતાને કમ્પોઝિશન સ્કીમ હેઠળ વળતર ચૂકવવા પણ કોર્ટે હુકમ કર્યો છે. આરોપીને વધુથી વધુ સજા થાય તે માટે ચુકાદાનો અભ્યાસ કરી હાઈકોર્ટમાં જવાની સરકાર પક્ષની તૈયારી છે. ઉપરાંત આરોપી વર્ષ ૨૦૧૭ થી દુષ્કર્મ કેસમાં જેલવાસ હેઠળ છે. દસ વર્ષની સજા પૈકી આઠ વર્ષ જેટલો સમય આરોપી જેલમાં ભોગવી ચૂક્યો છે. જેથી આરોપીએ બે વર્ષની સજા ભોગવવી પડશે. આરોપી ૨૭ વર્ષથી સાધુ જીવન ભોગવી આવ્યો છે, જેથી ઓછી સજા કરવા બચાવ પક્ષ તરફથી દલીલ કરવામાં આવી હતી. જે દલીલનો સરકાર પક્ષ અને ફરિયાદી પક્ષના વકીલ દ્વારા ધારદાર દલીલો કરી વિરોધ કરવામાં આવ્યો હતી. બંને પક્ષના દલીલોને ધ્યાનમાં રાખી કોર્ટે આરોપીને દસ વર્ષની સજાનો હુકમ કર્યો છે. ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૧૭માં સુરતના નાનપુરા સ્થિત ટીમલિયાવાડ ખાતે આવેલા જૈન ઉપાશ્રયના શાંતિ સાગરજી જૈન મુનિ વિરુદ્ધ નોંધાયેલા દુષ્કર્મ કેસમાં સુરત નામદાર કોર્ટ દ્વારા ગઈકાલે ચુકાદો સંભાળવામાં આવ્યો છે. કોર્ટ દ્વારા દુષ્કર્મ કેસમાં જૈન મુનિને દોષિત જાહેર કરવામાં આવ્યો છે. જ્યાં આજે નામદાર કોર્ટ જૈન મુનિને સજા સંભળાવી હતી. વર્ષ ૨૦૧૭માં વડોદરાની પીડિતાએ અઠવા પોલીસ મથકમાં દુષ્કર્મની ફરિયાદ નોંધાવી હતી.

### સોમનાથમાં ભારે હોબાળો

# દબાણ હટાવવાની પ્રક્રિયા સામે વિરોધ કરી રહેલા ૧૮ વિરુદ્ધ FIR

। (એજન્સી) ગીર સોમનાથ, તા.૫ ।

સોમનાથમાં રેલવે સ્ટેશન સામે આવેલી સરકારી જમીન પરથી દબાણ હટાવવાની કાર્યવાહી દરમિયાન વિરોધ પ્રદર્શન થતાં પોલીસે કોંગ્રેસના ધારાસભ્ય વિમલ ચુડાસમા સહિત ૧૪ લોકોની અટકાયત કરી છે. આ દબાણ હટાવવાની કાર્યવાહીનો વિરોધ કરવા મોટી સંખ્યામાં લોકો સોમનાથ-વેરાવળ હાઈવે પર બેસી ગયા હતા, જેના કારણે રસ્તો બ્લોક થઈ ગયો હતો અને ચક્કાજામના દ્રશ્યો સર્જાયા હતા. પ્રશાસન દ્વારા ગત રોજ દબાણ હટાવવાની તૈયારી કરવામાં આવતા અનેક ઝૂંપડા અને અન્ય ગેરકાયદેસર બાંધકામો દૂર થવાની ભીતિથી લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા અને વિરોધ નોંધાવ્યો હતો. ખાસ કરીને ગુડલક સર્કલ નજીક ગેરકાયદેસર જમીન પર દબાણ હટાવવા ગયેલા અધિકારીઓ સામે મહિલાઓ અને શ્રમજીવી પરિવારોએ ઉગ્ર વિરોધ કર્યો હતો. આ ઘટનાને પગલે પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશનમાં ધારાસભ્ય વિમલ ચુડાસમા સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે. વેરાવળના મામલતદારે આ ફરિયાદ નોંધાવી છે, જેમાં રાયોટિંગ (હુલ્લડ), ફરજમાં રુકાવટ અને પોલીસ પર હુમલા જેવા ગંભીર આરોપો લગાવવામાં આવ્યા છે.

### અમદાવાદીઓની તો મોજ

# રાજ્યનું સૌપ્રથમ વેક્સ મ્યુઝિયમ કાંકરિયા બાલવાટિકામાં શરૂ થયું

। (એજન્સી) અમદાવાદ, તા.૫ ।

અમદાવાદીઓ અને બહારથી આવતા લોકો માટે હરવાફરવા માટેનું ફેવરિટ ડેસ્ટિનેશન હોય તો તે કાંકરિયા તળાવ છે. અહીં આવેલું બાળવાટિકા વર્ષોથી બાળકો માટે આકર્ષણનું કેન્દ્ર રહ્યું છે. જેને હવે મહાનગરપાલિકાએ પીપીપી ધોરણે નવાં રંગરૂપ આપ્યાં છે. અમદાવાદ મ્યુનિ.ના ઝૂ ખાતા હસ્તક આવેલી બાલવાટિકાનુ રુપિયા ૨૨ કરોડના ખર્ચે રિડેવલપમેન્ટકરાયુ છે. ડાયનાસોર, હરણ ટ્રેન જેવી મુવીંગ એકટિવીટી ઉપરાંત રોબાટ સહીતના અન્ય આકર્ષણ ઉમેરાયા છે. છસ્ઝ દ્વારા કાંકરિયા ઝૂમાં આવેલા બાલવાટિકાને પીપીપી ધોરણે રિડેવલપ મેન્ટ, મોર્ડનાઈઝેશન એન્ડ અપગ્રેડેશન કરાયું છે. જેના લીધે બાલવાટિકામાં ડાઈનોસોર અને હેરણ ટ્રેન, લેઝી રિવર, ભૂલ ભૂલૈયા, ફલાઈંગ થિયેટર, એડવેન્ચર રાઈડસ, ગ્લાસ ટાવર સ્નો-પાર્ક સહિતના નવા આકર્ષણોનો ઉમેરો થયો છે. મ્યુનિ.તંત્રને વાર્ષિક ૪૦ લાખની આવક થશે. મુલાકાતીઓ લેકફ્રન્ટથી એન્ટ્રી લેશે તેની ૧૦૦ ટકા આવક મ્યુનિ.તંત્રને મળશે.ટૂંકસમયમાં અપગ્રેડ કરાયેલી બાલવાટિકાનુ લોકાર્પણ કરાશે.

# દીનદયાળ પોર્ટ ઓથોરિટી, કંડલાએ ઐતિહાસિક સીમાચિહ્ન હાંસલ કર્યું — નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે કાર્ગો હેન્ડલિંગમાં 150 MMTનો આંકડો પાર કર્યો!

। નવી દિલ્હી ।

ભારતના અગ્રણી દરિયાઈ પ્રવેશદ્વાર તરીકે તેના વારસાને મજબૂત બનાવતી એક સીમાચિહ્નરૂપ સિદ્ધિમાં, દીનદયાળ પોર્ટ ઓથોરિટી (DPA), કંડલાએ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે કાર્ગો હેન્ડલિંગમાં ઐતિહાસિક ૧૫૦ મિલિયન મેટ્રિક ટન (MMT)નો અભૂતપૂર્વ આંકડો પાર કર્યો છે, જે ૧૫૦.૧ ૬ MMT છે - જે તેના ઈતિહાસમાં અત્યાર સુધીનો સૌથી વધુ કાર્ગો વોલ્યુમ છે.

શ્રેષ્ઠ પરફોર્મર: અત્યાર સુધીના સૌથી વધુ કાર્ગો થ્રુપુટ સાથે અગ્રણી

અજોડ વૃદ્ધિ: વાર્ષિક ધોરણે ૧૩% વૃદ્ધિ દર હાંસલ કર્યો, જે તમામ મુખ્ય બંદરોમાં સૌથી વધુ છે.

આ ભવ્ય સિદ્ધિ બંદરના નેતૃત્વ, કર્મચારીઓ, ડૉક વર્કર્સ, ટ્રેડ યુનિયનો, PPP ઓપરેટરો અને DPAને કાર્યકારી શ્રેષ્ઠતા અને રાષ્ટ્રીય ગૌરવનું દીવાદાંડી બનાવવામાં યોગદાન આપનારા તમામ હિસ્સેદારોના અવિરત પ્રયાસોનો પુરાવો છે.

માઈલસ્ટોનની ઉજવણી:

આ નોંધપાત્ર માઈલસ્ટોનની સ્મૃતિરૂપે, અનેક સ્થળોએ ઉજવણીઓ યોજવામાં આવી હતી:

ઉજવણીના ભાગ રૂપે, બંદરના અધિકારીઓ અને કર્મચારીઓ ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં ભેગા થયા હતા અને તેમની મહેનત અને સહિયારી સફળતાની ઉજવણી કરી હતી.

પ્રોત્સાહનરૂપે, લગભગ ૪,૫૦૦ કામદારો અને મજૂરોને ફૂડ કીટ અને આવશ્યક દૈનિક ઉપયોગની વસ્તુઓ પૂરી પાડવામાં આવી હતી, જેથી ખાતરી થાય કે આ સીમાચિહ્ન તે લોકો સાથે વહેંચવામાં આવે જેમણે તે શક્ય બનાવ્યું.

બંદર પરના તમામ કામદારો અને મજૂરો માટે ભોજનની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી, જેનાથી સમાવેશ અને સૌહાર્દની ભાવના ઉત્પન્ન થઈ હતી.

આ પ્રસંગે, દીનદયાળ પોર્ટ ઓથોરિટીના ચેરમેન શ્રી સુશીલ કુમાર સિંહે આ ઐતિહાસિક સિદ્ધિને વાસ્તવિકતા બનાવવા માટે તમામ હિસ્સેદારો - બંદર વપરાશકર્તાઓ, ટ્રેડ યુનિયનો, કર્મચારીઓ અને કામદારો પ્રત્યે તેમની અતૂટ પ્રતિબદ્ધતા અને અથાક પ્રયાસો બદલ હૃદયપૂર્વક



આભાર માન્યો.

"આ સિદ્ધિ માત્ર એક સંખ્યા નથી - તે આપણી ભાગીદારીની તાકાત, આપણા લોકોના સમર્પણ અને દીનદયાળ પોર્ટ ઓથોરિટીની અમર્યાદિત સંભાવનાને પ્રતિબિંબિત કરે છે. સાથે મળીને, આપણે ભારતના દરિયાઈ વિકાસના ભવિષ્યને આકાર આપી રહ્યા છીએ".

આ પહેલ આપણા માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના "વિકસિત ભારત ૨૦૪૭" વિઝન પ્રત્યે DPA ની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે અને ભારતના દરિયાઈ અને આર્થિક વિકાસમાં એક મહત્વપૂર્ણ સ્તંભ તરીકે તેની ભૂમિકાને મજબૂત બનાવે છે.

નવા નાણાકીય વર્ષમાં પ્રવેશતાની સાથે જ, દીનદયાળ પોર્ટ ઓથોરિટીએ સિસ્ટમ સુધારણાના પરિવર્તનશીલ ધ્યેય પર નજર રાખી છે, જેમાં સમગ્ર બોર્ડમાં કાર્યકારી ક્ષમતા વધારવા પર વ્યૂહાત્મક ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. આ પહેલના કેન્દ્રમાં 'બર્થિંગ ઓન અરાઈવલ' હાંસલ કરવાનો મહત્વાકાંક્ષી લક્ષ્ય છે, જેથી ખાતરી કરી શકાય કે જહાજોને બંદર પર પહોંચતા પહેલા રાહ જોવાનો સમય ન આવે. આ સીમલેસ બર્થિંગ વ્યૂહરચના ઉત્પાદકતામાં નોંધપાત્ર વધારો કરશે, જહાજોના ટર્નઅરાઉન્ડ સમય ઘટાડશે અને કાર્ગો ખાલી કરાવવાની પ્રક્રિયાઓને ઝડપી બનાવશે.

આ પ્રયાસો સાથે, DPA ફક્ત તેની સિસ્ટમોનું આધુનિકીકરણ જ નહીં, પરંતુ ભવિષ્ય માટે તૈયાર દરિયાઈ ભારતના વિઝન સાથે પણ સંરેખિત થઈ રહ્યું છે. ભારત સરકારના ગ્રીન હાઈડ્રોજન મિશનને અનુરૂપ, બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રી શ્રી સર્બાનંદ સોનોવાલે તાજેતરમાં કંડલા ખાતે ૧ મેગાવોટ ગ્રીન હાઈડ્રોજન પ્લાન્ટની સ્થાપના માટે ભારતના પ્રથમ સ્વદેશી ઈલેક્ટ્રોલાઈઝરને લીલી ઝંડી આપી હતી - જે ટકાઉ બંદર કામગીરીમાં એક મોટી છલાંગ છે.

ગ્રીન પહેલ હેઠળ, દીનદયાળ પોર્ટનું સેન્ટર ઓફ એક્સેલન્સ ફોર ગ્રીન હાઈડ્રોજન એન્ડ બાયો-મિથેનોલ એવી અત્યાધુનિક સુવિધા છે જે હાઈડ્રોજન આધારિત ઈંધણના સંશોધન, વિકાસ અને મોટા પાયે અમલીકરણને ચલાવે છે. અત્યાધુનિક ટેકનોલોજી અને વિશ્વ કક્ષાના માળખાગત સુવિધા સાથે, આ કેન્દ્ર માત્ર એક માઈલસ્ટોન કરતાં વધુ સેવા આપશે.

વધુમાં, રૂા.૩૦,૦૦૦ કરોડનો મેગા શિપબિલ્ડિંગ પ્રોજેક્ટ આ પ્રદેશને વૈશ્વિક દરિયાઈ પાવરહાઉસમાં પરિવર્તિત કરવા માટે તૈયાર છે, સાથે જ કંડલા ક્રીકની બહાર રૂા.૨૭,૦૦૦ કરોડના મોટા રોકાણ સાથે એક નવું કાર્ગો ટર્મિનલ પણ બનાવવામાં આવી રહ્યું છે - જે કંડલા પોર્ટની ક્ષમતામાં વાર્ષિક ૧૩૫ મિલિયન ટનનો ઉમેરો કરશે. આ લૅન્ડમાર્ક પ્રોજેક્ટ્સ માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજીના "મેક ઈન ઈન્ડિયા, મેક ફોર ધ વર્લ્ડ" ના વિઝનને સાચું સાકાર કરે છે.

ગતિ, સ્કેલ, કૌશલ્ય અને ટકાઉપણુંનું પ્રતીક એવું દીનદયાળ પોર્ટ ઓથોરિટી, કંડલા, માનનીય પ્રધાનમંત્રીના આપણા દરિયાઈ ક્ષેત્રને વૈશ્વિક નકશા પર એક અગ્રણી તરીકે સ્થાન અપાવવામાં વિઝનને અમલમાં મૂકવા માટે તૈયાર છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૬ એપ્રિલ ૨૦૨૫, રવિવાર
વિક્રમ સંવત ૨૦૮૧, ચૈત્ર સુદ ૯

વર્ષ : ૧૬
અંક : ૨૭૩

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### સંરક્ષણ-માહિતી-ટેકનોલોજી સહિત ૭ કરારો પર લાગી મહોર

# ભારત અને શ્રીલંકા વચ્ચે અનેક મહત્વપૂર્ણ કરારો પર હસ્તાક્ષર

## શ્રીલંકાના પ્રમુખે વડા પ્રધાન મોદીને આશ્વાસન આપ્યું કે, અમારી સરકાર ક્યારેય પોતાની જમીનનો ઉપયોગ ભારતના સુરક્ષા હિતો વિરુદ્ધ થવા નહીં દે

। (એજન્સી) કોલંબો, તા.૫ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ત્રણ દિવસના શ્રીલંકાના પ્રવાસે છે. ત્યારે આ દરમિયાન પીએમ મોદીએ શ્રીલંકાના પ્રમુખ અનુરા કુમારા દિસાનાયકે સાથે દ્વિપક્ષીય વાટાઘાટો બાદ શનિવારે અનેક મહત્ત્વપૂર્ણ કરારો પર હસ્તાક્ષર કર્યા. આમાં એક ઐતિહાસિક સંરક્ષણ સમજૂતી પણ સામેલ છે. આ પહેલી વાર છે જ્યારે ભારત અને શ્રીલંકાએ સંરક્ષણ ક્ષેત્રમાં આવા કોઈ ઔપચારિક કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આ દરમિયાન શ્રીલંકાના પ્રમુખે વડા પ્રધાન મોદીને આશ્વાસન આપ્યું કે, અમારી સરકાર ક્યારેય પોતાની જમીનનો ઉપયોગ ભારતના સુરક્ષા હિતો વિરુદ્ધ થવા નહીં દે. શ્રીલંકાના પ્રમુખના આ નિવેદનથી ભારતની સૌથી મોટી ચિંતા દૂર થઈ ગઈ છે. કારણ કે, આ નિવેદનને ચીનના વધતા પ્રભાવ અને રોકાણ અંગે ભારતની ચિંતાઓને દૂર કરવાના પ્રયાસ તરીકે જોવામાં આવી રહ્યું છે. બંને પક્ષોએ ત્રિંકોમાલીને ઉર્જા કેન્દ્ર તરીકે વિકસાવવા માટે એક કરાર પર પણ હસ્તાક્ષર કર્યા છે. શ્રીલંકાના પૂર્વી પ્રદેશમાં નવી દિલ્હીની બહુ-ક્ષેત્રીય ગ્રાન્ટ સહાય પહોંચાડવા માટે વધુ એક કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. વડાપ્રધાન મોદી અને પ્રમુખ દિસાનાયકેએ સમપુર સૌર ઉર્જા પ્રોજેક્ટનું પણ ડિજિટલ માધ્યમથી ઉદ્ઘાટન કર્યું. મોદી બેંગકોકની મુલાકાત પૂર્ણ કર્યા પછી શુક્રવારે સાંજે કોલંબો પહોંચ્યા હતા. તેમણે બેંગકોકમાં BIMSTEC (બે ઓફ બંગાળ ઈનિશિયેટિવ ફોર મલ્ટી-સેક્ટરલ ટેકનિકલ એન્ડ ઈકોનોમિક કોઓપરેશન) સમિટમાં ભાગ લીધો હતો. વિદેશ મંત્રી વિજીથા હેરાથ, આરોગ્ય મંત્રી નાલિન્દા જયતિસા અને મત્સ્યઉદ્યોગ મંત્રી રામલિંગમ ચંદ્રશેખર સહિત શ્રીલંકાના પાંચ ટોચના મંત્રીઓએ મોદીનું સ્વાગત કર્યું.

### પીએમ મોદીનું શ્રીલંકાના સર્વોચ્ચ નાગરિક સન્માનથી બહુમાન





શ્રીલંકાની સરકાર દ્વારા ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સર્વોચ્ચ નાગરિક પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે.આ પ્રસંગે પીએમ નરેન્દ્ર મોદીએ શ્રીલંકન સરકારનો આભાર માનતા કહ્યું હતું કે, તમે અમારા માત્ર પાડોશી જ નહીં પરંતુ મિત્ર પણ છો. વડાપ્રધાન નરેન્દ્ર મોદી શ્રીલંકાની સત્તાવાર મુલાકાતે પહોંચ્યા છે અને ત્યાં તેમનું પરંપરાગત સ્વાગત કરવા ઉપરાંત શ્રીલંકાના સર્વોચ્ચ નાગરિક સન્માનથી નવાજવામાં આવ્યા હતા. પીએમ મોદીએ આ સન્માન માટે શ્રીલંકાનો આભાર માન્યો હતો. તેમણે કહ્યું કે આ ફક્ત તેમના માટે જ નહીં પરંતુ ૧૪૦ કરોડ ભારતીયો માટે સન્માન છે. પીએમ મોદી શ્રીલંકાના 3 દિવસના પ્રવાસે છે. પીએમ મોદીની મુલાકાતના પહેલા દિવસે ભારત અને શ્રીલંકા વચ્ચે સંરક્ષણ અને માળખાગત સુવિધાઓ સહિત અનેક કરારો પર હસ્તાક્ષર થયા હતા. આ પ્રસંગે પીએમ મોદીએ કહ્યું હતું કે, 'ભારતનું વિઝન સબકા સાથ, સબકા વિકાસ રહ્યું છે. અમે મિત્ર દેશોને પ્રાથમિકતા આપીએ છીએ. શ્રીલંકા ફક્ત આપણો પાડોશી દેશ જ નથી પણ એક સારો મિત્ર પણ છે. શ્રીલંકાના મુશ્કેલ સમયમાં અમે તેની સાથે મજબૂતીથી ઊભા રહ્યા છીએ. આજે પ્રમુખ દિસાનાયકે દ્વારા શ્રીલંકા મિત્ર વિભૂષણાય એવોર્ડ એનાયત થયો તે મારા માટે ગર્વની વાત છે. આ સન્માન ફક્ત મારું નથી, પરંતુ ૧૪૦ કરોડ ભારતીયોનું સન્માન છે. આ ભારત અને શ્રીલંકા વચ્ચેના ઐતિહાસિક સંબંધો અને ગાઢ મિત્રતાને અંજલિ છે. ભારત માટે ગર્વની વાત છે કે આપણે એક સાચા પાડોશી અને મિત્ર તરીકેની આપણી ફરજો નિભાવી છે.-ભારત અને શ્રીલંકા વચ્ચેના મજબૂત સંબંધોનો ઉલ્લેખ કરતા પીએમ મોદીએ કહ્યું, '૨૦૧૯નો આતંકવાદી હુમલો હોય, કોવિડ રોગચાળો હોય કે તાજેતરનું આર્થિક સંકટ હોય- દરેક મુશ્કેલ પરિસ્થિતિમાં અમે શ્રીલંકાના લોકો સાથે ઊભા રહ્યા છીએ.'

### મુખ્યમંત્રી યોગીએ આગળનો પ્લાન કર્યો જાહેર

## વક્ફના નામ ઉપર કબજે કરાયેલી જમીનો પરત લઈશું

### મહારાજગંજમાં યોગીએ કહ્યું હતું કે, લાખો એકર જમીન વક્ફ બોર્ડના નામ પર કબ્જે કરવાનું કામ કરાયું હતું

। (એજન્સી) લખનૌ, તા.૫ ।

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે સંસદથી પાસ થઈ ચૂકેલા વક્ફ સંશોધન અધિનિયમને લઈને આગળનો પ્લાન શનિવારે જાહેર કર્યો હતો. મહારાજગંજમાં યોગીએ કહ્યું હતું કે, લાખો એકર જમીન વક્ફ બોર્ડના નામ પર કબ્જે કરવાનું કામ કરાયું હતું. કેટલાક લોકો માટે તે લૂંટનું માધ્યમ બની ગયું હતું. જેના પર હવે સંપૂર્ણ રીતે લગામ લાગશે. આ જમીનો પરત લેવામાં આવશે. હવે વક્ફ બોર્ડની જમીન પર કોઈ લૂંડ નહીં કરી શકે. જાહેર જમીન પર કોઈ કબજો કરી શકશે નહીં. જે પણ જાહેર જમીન હશે તેનો ઉપયોગ શાળાઓ, હોસ્પિટલો, કોલેજો અને મેડિકલ કોલેજો બનાવવા માટે કરવામાં આવશે. મુખ્યમંત્રી યોગીએ મહારાજગંજના નૌતનવા બ્લોકના રતનપુરમાં ૧૫૦ કરોડના ખર્ચે બનેલા રોહિન બૈરાજનું ઉદ્ઘાટન કર્યા બાદ લોકોને સંબોધિત કર્યા હતા. અગાઉની સરકારો પર નિશાન સાધતા તેમણે કહ્યું હતું કે, ઘણાં વર્ષો સુધી ઉત્તરપ્રદેશની સત્તા સંભાળતી સરકારો પાસે પોતાનું પેટ ભરવાનો પણ સમય નહોતો. મુખ્યમંત્રીએ રૂ. ૬૫૦ કરોડના પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ પણ કર્યો. બીજી તરફ રાહુલ ગાંધીએ વક્ફ બિલ પર પોતાનો વિરોધ દર્શાવતા સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે આ મામલે ઠ પર પોસ્ટ કરતા લખ્યું હતું કે, મેં પહેલા જ કહ્યું હતું કે વક્ફ બિલ માત્ર મુસ્લિમોને જ નહીં પરંતુ અન્ય ધર્મોને પણ નિશાન બનાવવાનો માર્ગ મોકળો કરી શકે છે. હવે આરએસએસે ખ્રિસ્તી સમુદાય પર પણ ધ્યાન આપવાનું શરૂ કર્યું છે. આવા સમયે આપણું બંધારણ જ આપણને આવા હુમલાઓથી બચાવી શકે છે અને તેનું રક્ષણ કરવું આપણા સૌની જવાબદારી છે. આ મામલે રાહુલ ગાંધીએ વધુમાં કહ્યું હતું કે, ઈજીજી, મ્ત્રઁ અને તેમના સાથી પક્ષો દ્વારા બંધારણ પરનો આ હુમલો આજે મુસ્લિમોને નિશાન બનાવે છે, પરંતુ ભવિષ્યમાં અન્ય સમુદાયોને નિશાન બનાવવા માટે એક દાખલો બનશે.

### દિલ્લી કેપિટલ્સની સામે ચેન્નઈ સુપર કિંગ્સની સતત ત્રીજી હાર


। (એજન્સી) ચેન્નઈ, તા.૫ ।

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)૨૦૨૫ની મેચ નંબર ૧૭ ચેન્નઈ સુપર કિંગ્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે રમાઈ હતી. ચેન્નઈના એમએ ચિદમ્બરમ (ચેપોક) સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં દિલ્હી કેપિટલ્સે ૨૫ રને જીત મેળવી છે. દિલ્હીએ યજમાન ટીમને જીત માટે ૧૮૪ રનને ટાર્ગેટ આપ્યો હતો. સીએસકેની ટીમ ૫ વિકેટે ૧૫૮ રન જ બનાવી શકી હતી. ચેન્નઈ સુપર કિંગ્સની આ સિઝનમાં ચાર મેચમાં ત્રીજી હાર છે. જ્યારે દિલ્હીની આ સતત ત્રીજી જીત છે.

## ટ્રમ્પ સમર્થક ઉદ્યોગપતિઓને ફટકો ૨૦૦ અબજ ડોલરની સંપત્તિ સાફ

### ટ્રમ્પના પ્રબળ સમર્થક ઇલોન મસ્કની ૧૦૦ અબજ ડોલરની સંપત્તિ ફક્ત ત્રણ મહિનામાં જ ધોવાઈ ગઈ

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૫ ।



ટ્રમ્પને પ્રમુખપદની ચૂંટણીમાં જંગી સમર્થન આપનારા ટેક અબજપતિઓને જબરદસ્ત ફટકો પડયો છે. તેમા ટ્રમ્પના પ્રબળ સમર્થક ઈલોન મસ્ક પણ બાકાત નથી. ટ્રમ્પને લાખો ડોલરનું દાન આપનારા ટેકનોલોજીના આ મહારથીઓએ હવે અબજો ડોલર ગુમાવવાના આવ્યા છે. અમેરિકન શેરબજારે ટ્રમ્પના લિબરેશન ડેના એજન્ડાની આપેલી પ્રતિક્રિયાના પગલે શેરોમાં કડાકો બોલ્યો છે. ડાઉ જોન્સ સળંગ બીજા દિવસે હજાર પોઈન્ટથી વધુ ખાબક્યો છે. ક્રૂડ ઓઈલ ૬૦ ડોલરની નજીક પહોંચી ગયું છે. ફક્ત અમેરિકા જ નહીં વૈશ્વિક મંદીના ડાકલા વાગવા લાગ્યા છે. અમેરિકન શેરબજારમાં મેટાનો શેર લગભગ નવ ટકા નીચે હતો. એમેઝોન પણ તેટલો જ નીચે હતો. ગૂગલ ૩.૯૨ ટકા ઘટયો હતો, એપલ પણ નવ ટકા ઘટયો હતો. ટેસ્લાના શેરમાં ૫.૪૭ ટકા અને એક્સમાં ૮.૧૪ ટકાનો ઘટાડો થયો હતો. ફોર્બ્સના જણાવ્યા મુજબ આ વેચવાલીના પરિણામસ્વરૂપે મેટાના ઝુકરબર્ગને ૧૮ અબજ ડોલર, એમેઝોનના બેઝોસને ૧૬ અબજ ડોલર, મસ્કને નવ અબજ ડોલરનો ફટકો પડયો હતો. બ્લૂમબર્ગ બિલિયોનર ઈન્ડેક્સના જણાવ્યા મુજબ બજારમાં ઘટાડાથી વિશ્વના ટોચના ૫૦૦ ધનવાનોની સંપત્તિમાંથી ૨૦૦ અબજ ડોલર સાફ થઈ ગયા હતા, જે છેલ્લા ૧૩ વર્ષમાં ચોથા નંબરનો સૌથી મોટો ઘટાડો દર્શાવે છે. સૌથી મોટું આશ્ચર્ય તો મસ્કનું છે. ટ્રમ્પના પ્રબળ સમર્થક મનાતા મસ્કની સંપત્તિમાં વધારો થશે તેમ માનવામાં આવતું હતું, પરંતુ ટ્રમ્પના આવ્યાને ત્રણ મહિના થવા આવ્યા, પણ આટલા સમયમાં તો મસ્કની સંપત્તિમાં ૧૦૦ અબજ ડોલરનું ધોવાણ થયું છે



શ્રીલંકાના કોલંબોમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શ્રીલંકાના વિરોધપક્ષના નેતા સજીથ પ્રેમદાસા સાથે મુલાકાત કરી.

### કેપ્ટનશિપનો ભાર ઉતરતા હું ઘણો મુક્ત અનુભવું છું: બટલર

। (એજન્સી) મુંબઈ, તા.૫ ।

ઈંગ્લેન્ડ ક્રિકેટ ટીમના કેપ્ટનનો ભાર ઉતરતા હવે હું ઘણો મુક્ત હોવાનો અનુભવ કરું છું તેમ જોઝ બટલરે જણાવ્યું હતું. ઈંગ્લેન્ડ ટીમના કેપ્ટનના મતે અગાઉ સુકાની તરીકેનો સમયગાળો પડકારજનક હતો અને હવે હળવાશ તથા સ્પષ્ટ માનસિકતા સાથે હું આઈપીએલમાં રમી રહ્યો છું. વિકેટકીપર બેટ્સમેન જોઝ બટલર આઈપીએલની આ સિઝનમાં નવી ફ્રેન્ચાઈઝ ગુજરાત ટાઈટન્સ તરફથી રમી રહ્યો છે.

## મુસ્લિમ લો બોર્ડે રાષ્ટ્રપતિને મળવા માટે સમય માંગ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડે સંસદ દ્વારા પસાર કરવામાં આવેલા વકફ સુધારા બિલ પર તેની ચિંતા વ્યક્ત કરવા માટે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સાથે મુલાકાતની માંગ કરી છે. આ બિલને સંસદના બંને ગૃહોની મંજૂરી મળી ગઈ છે. હવે રાષ્ટ્રપતિની મંજુરીથી આ કાયદો અમલમાં આવશે. પર્સનલ લો બોર્ડ અનુસાર, બોર્ડના જનરલ સેક્રેટરી મૌલાના ફઝલુર રહીમ મુજદ્દીદીએ રાષ્ટ્રપતિને લખેલા પત્રમાં કહ્યું છે કે બિલ દ્વારા કરવામાં આવેલા સુધારામાં વકફ સંસ્થાના વહીવટ અને સ્વાયત્તતાને અસર કરતા ફેરફારોનો સમાવેશ થાય છે. પત્રમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે તમને મળવાનો અમારો હેતુ તાજેતરમાં પસાર થયેલ વકફ (સુધારા) બિલ ૨૦૨૫ અને સમગ્ર દેશમાં મુસ્લિમ સમુદાય પર તેની અસરો વિશે અમારી ઊંડી ચિંતા વ્યક્ત કરવાનો છે. બોર્ડે દાવો કર્યો હતો કે આ બિલ સંપૂર્ણપણે ગેરબંધારણીય અને દેશના મુસ્લિમો પર હુમલો છે.બોર્ડના જનરલ સેક્રેટરી મૌલાના ફઝલુર રહીમ મુજદ્દીદીએ પત્રમાં જણાવ્યું હતું કે અમે માનીએ છીએ કે કાયદાની કલમની જોગવાઈઓ પર પુનર્વિચાર કરવો જરૂરી છે, કારણ કે તે ભારતીય બંધારણમાં આપવામાં આવેલા મૂળભૂત અધિકારો, ખાસ કરીને ધાર્મિક સ્વતંત્રતા, સમાનતા અને ધાર્મિક સંસ્થાઓના રક્ષણ સાથે અસંગત છે. પત્રના અંતમાં, એવી વિનંતી કરવામાં આવી છે કે રાષ્ટ્રપતિ મુર્મુએ મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને મીટિંગ માટે સમય આપવો જોઈએ, જેથી અમે અમારી ચિંતાઓ રજૂ કરી શકીએ અને બંધારણીય માળખામાં સંભવિત ઉકેલો અંગે ચર્ચા કરી શકીએ. તમને જણાવી દઈએ કે વકફ (સુધારા) બિલ, ૨૦૨૫ પર ગુરુવારે રાજ્યસભામાં ચર્ચા શરૂ થઈ હતી અને સતત બેઠક બાદ શુક્રવારે વહેલી સવારે આ બિલ પાસ થઈ ગયું હતું.

## બજારમાં આવશે નવી ૧૦ અને ૫૦૦ રૂપિયાની નોટ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

નવા આરબીઆઈ ગવર્નરની જવાબદારી સંભાળ્યા બાદ અનેક મહત્વની અપડેટ સામે આવી છે. ઈકોનોમીની હાલાત સુધરવા ઉપરાંત મોંઘવારી દરમાં પણ ઘટાડો થયો છે અને વ્યાજ દરના કાપનો સિલસિલો પણ શરૂ થયો છે. એપ્રિલના પહેલા અઠવાડિયામાં થનારી એમપીસી બેઠકમાં પણ રેપ ોરેટમાં કાપની આશા વ્યક્ત કરાઈ છે. હવે આરબીઆઈ તરફથી અપાયેલી અપડેટમાં કહેવાયું છે કે જલદી મહાત્મા ગાંધીની નવી સિરીઝમાં ૧૦ રૂપિયા અને ૫૦ રૂપિયાની નોટો બહાર પાડશે. નવી સિરીઝ પર ગવર્નર સંજય મલ્હોત્રાની સહી હશે. કેન્દ્રીય બેંકે એક નિવેદનમાં કહ્યું કે આ નોટોની ડિઝાઈન મહાત્મા ગાંધી નવી સિરીઝના ૧૦ અને ૫૦૦ રૂપિયાની નોટ જેવી જ હશે.

## ન્યુ બ્રિટન આઇલેન્ડના દરિયાકાંઠે ૬.૯ની તીવ્રતાનો આવેલો ભૂકંપ

। (એજન્સી) લંડન, તા.૫ ।

યુએસ જીઓલોજિકલ સર્વે અનુસાર, શનિવારે સવારે (૫ એપ્રિલ) સવારે ન્યુ બ્રિટન આઈલેન્ડના દરિયાકાંઠે ૬.૯ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. ન્યૂ બ્રિટન આઈલેન્ડના દરિયાકાંઠે આવેલા ભૂકંપ બાદ હવે પાપુઆ ન્યૂ ગિનીમાં સુનામીની ચેતવણી જાહેર કરવામાં આવી છે. આ મજબૂત ભૂકંપનું કેન્દ્ર પૃથ્વીની ૧૦ કિલોમીટરની ઊંડાઈએ હતું, જે સ્થાનિક સમય મુજબ સવારે ૬.૦૪ વાગ્યે કિમ્બેથી લગભગ ૧૯૪ કિલોમીટર દક્ષિણ-પૂર્વમાં આવ્યું હતું. ભયાનક ભૂકંપના કારણે ફરી એકવાર ધરતી ધ્રૂજી ઉઠી છે. નવી દિલ્હીથી લગભગ ૮૧૧૬ કિમી દૂર પાપુઆ ન્યુ ગિનીમાં જોરદાર ભૂકંપ આવ્યો છે. શનિવારે સવારે પાપુઆ ન્યુ ગિનીમાં ન્યૂ બ્રિટન ટાપુના કિનારે ૬.૯ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. યુનાઈટેડ સ્ટેટ્સ જિયોલોજિકલ સર્વે (USGS) એ આ જાણકારી આપી છે. યુએસ પેસિફિક સુનામી વોર્નિંગ સેન્ટરની એડવાઈઝરી અનુસાર, ૧૦ કિલોમીટર (છ માઈલ) ની ઊંડાઈએ આવેલો આ ભૂકંપ એક થી ત્રણ મીટર ઉંચા સુનામી તરંગો પેદા કરી શકે છે. જોકે બાદમાં સુનામીની ચેતવણી પાછી ખેંચી લેવામાં આવી હતી.

## સરકારી જમીન પર બનેલી દરગાહ વકફ મિલકત નથી: હાઈકોર્ટ

। (એજન્સી) રાજકોટ, તા.૫ ।

રાજકોટના એક ગામમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર આવેલી લગભગ ૧૦૦ વર્ષ જૂની દરગાહને વકફ મિલકત તરીકે સ્વીકારવાનો ઈનકાર કરતા, ગુજરાત હાઈકોર્ટે રાજ્ય સરકારના હાઈવેના વિકાસ માટે દરગાહને દૂર કરવાના આદેશને માન્ય જાહેર કર્યો છે. કોર્ટે કહ્યું કે અરજદાર ટ્રસ્ટ, રજિસ્ટર્ડ વક્ફ હોવા છતાં, સ્થળની કાયદેસર માલિકી સાબિત કરવામાં નિષ્ફળ ગયું છે. કોર્ટે કહ્યું કે સરકારી જમીન પર બનેલી દરગાહ વકફ મિલકત ન હોઈ શકે. રાજકોટના આનંદપરા ગામમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૨૭ પર સૂફી સંત હઝરત જલાલ શાહ પીરની દરગાહ આવેલી છે. કટારિયા ઉસ્માનગણી હાજીભાઈ ટ્રસ્ટે દરગાહ તોડી પાડવાના રાજ્ય સરકારના આદેશને પડકારતી ગુજરાત હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી. કેસની સુનાવણી કરતી વખતે, ન્યાયાધીશ અનિરુદ્ધ પી માયીએ અરજદાર ટ્રસ્ટને જણાવ્યું હતું કે રાજ્ય સરકારે રાષ્ટ્રીય ધોરીમાર્ગ અધિનિયમ, ૧૯૫૬ હેઠળ કાયદેસર રીતે જમીન સંપાદિત કરી હતી. મહેસૂલ રેકોર્ડમાં તે સરકારી જમીન તરીકે નોંધાયેલ છે. હાઈવેના વિકાસ માટે, સરકારે દરગાહને તોડી પાડવાનો આદેશ આપ્યો છે, જે સંપૂર્ણપણે નિયમો અનુસાર છે. ટ્રસ્ટે દાવો કર્યો હતો કે આ દરગાહ લગભગ સો વર્ષ જૂની છે અને તે વકફ મિલકત તરીકે નોંધાયેલ છે.

## તંત્રી લેખ...

# કેનેડાના ઓન્ટારિયોમાં વધુ એક હિન્દુ મંદિરમાં તોડફોડ

કેનેડામાં છેલ્લા કેટલાક સમયથી હિન્દુ મંદિરો પર હુમલાઓ થવાની ઘટના સામાન્ય બની ગઈ છે. ઓન્ટારિયોમાં પોલીસે એવા બે આરોપીની શોધખોળ કરી રહી છે, જેમણે ગ્રેટર ટોરોન્ટો એરિયામાં હિન્દુ સમુદાયના શ્રી કૃષ્ણ વૃંદાવન મંદિરમાં તોડફોડ કરી હતી. આસપાસના હિન્દુ સમુદાયના લોકોએ આ હુમલાને વખોડી કાઢયો અને તેના વિરોધમાં કેસ નોંધાવ્યો હતો. એક નિવેદનમાં પોલીસ તરફથી કહેવામાં આવ્યું કે અમે આ મામલાની તપાસ કરી રહ્યા છીએ. બે શંકાસ્પદ વ્યક્તિ ડાઉનટાઉન એરિયાના એક પબમાંથી મંદિર તરફ જતાં જોવા મળ્યા હતા. ત્યાર પછી આ લોકોએ ત્યાં પહોંચીને મંદિરની દિવાલો પર લાગેલા સાઈન બોર્ડને ફાડી નાંખ્યા હતા અને મંદિર પરિસરને પણ નુકસાન પહોંચાડવાની કોશિશ કરી હતી. પોલીસના કહેવા મુજબ, તેમણે સમગ્ર ઘટનાક્રમને લઈને તપાસ ઝડપી કરી દીધું છે. હાલ, બંને આરોપીઓની ધરપકડ કરવા માટે કવાયત તેજ કરવામાં આવી છે. પોલીસે એક નિવેદનમાં કહ્યું કે ધરપકડ માટે આરોપીઓની તસવીરો જાહેર કરવામાં આવી છે. મીડિયા રિપોર્ટ મુજબ, આ હુમલાઓ ક્ષેત્રમાં હિન્દુ વિરોધી માનસિકતા રજૂ કરે છે. ગુનેગારોએ મંદિરની સામે લાગેલા સાઈનબોર્ડને ખૂબ ક્રૂર રીતે ફાડી નાંખ્યું હતું. આ ઘટના પર પ્રતિક્રિયા આપતા હિન્દુ કેનેડિયન ફાઉન્ડેશને કહ્યું કે આ ઘટના એરિયામાં વધી રહેલા ઉદ્દામવાદનો ઉદય દર્શાવે છે. સરકારે તેના વિરોધમાં પગલાં ભરવા જોઈએ અને ગુનેગારોને આકરામાં આકરી કાર્યવાહી કરવી જોઈએ.

## સ્ટાર્ટઅપ મહાકુંભમાં MoPNG મજબૂત હાજરી સાથે ઊર્જા નવીનતાને આગળ ધપાવે છે

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય (MoPNG) એ ૩ થી ૫ એપ્રિલ દરમિયાન નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે યોજાનારા સ્ટાર્ટઅપ મહાકુંભ ૨૦૨૫ માં સક્રિયપણે ભાગ લીધો છે. ઓઈલ અને ગેસ પીએસયુએ નવીન સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન આપવા, માર્ગદર્શન આપવા અને ભંડોળ પૂરું પાડવા માટે મજબૂત માળખા સ્થાપિત કર્યા છે. કુલ ૩૨ પીએસયુ-સમર્થિત સ્ટાર્ટઅપ્સ સ્ટાર્ટઅપ મહાકુંભ ૨૦૨૫ માં ભાગ લઈ રહ્યા છે. ONGC ના સ્ટાર્ટઅપ ફંડે પાંચ વર્ષમાં મૂલ્યાંકનમાં ૪૫૦% વૃદ્ધિ જોઈ છે, જેમાં વેલઆરએક્સ સ્ટાર્ટઅપ ઈન્ડિયા પોલિસી હેઠળ તેનું પ્રથમ ઓઈલફિલ્ડ સ્ટાર્ટઅપ - ૧૨૦ થી વધુ દેશોમાં તેના ઉર્જા ઉકેલોનો વિસ્તાર કરી રહ્યું છે. ઈન્ડિયનઓઈલે તેની IndS_UP પહેલ હેઠળ ૪૨ સ્ટાર્ટઅપ્સને ભંડોળ પૂરું પાડ્યું છે, જેનાથી ૮૬ બૌદ્ધિક સંપત્તિ અને ૬૩૫ નોકરીઓ ઉભી થઈ છે. ઓઈલ ઈન્ડિયા ડીપટેક સાહસોને સમર્થન આપે છે જેમ કે કેલિચે પ્રાઈવેટ લિમિટેડ, જે તેલના કુવાઓ માટે બાયોકેમિકલ રેતીના પ્રવાહ નિયંત્રણમાં નિષ્ણાત છે, અને કાર્બોનેશન ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ, જે તેલ અને ગેસ ક્ષેત્ર માટે ટકાઉ કચરો વ્યવસ્થાપન ઉકેલો વિકસાવે છે. PSU અધિકારીઓની નિષ્ણાત ભાગીદારીએ સ્ટાર્ટઅપ મહાકુંભ ૨૦૨૫ માં નોંધપાત્ર મૂલ્ય ઉમેર્યું, જે સ્ટાર્ટઅપ્સને દાયકાઓના ઉદ્યોગ અનુભવ અને વ્યૂહાત્મક આંતરદૃષ્ટિની ઍક્સેસ પ્રદાન કરે છે. અગ્રણી PSU તેલ અને ગેસ કંપનીઓના કુલ ૧૪ વરિષ્ઠ અધિકારીઓએ સંશોધન મુદ્રીકરણ, ઈંધણ નવીનતા, ઉત્પાદન એકીકરણ અને ગતિશીલતા ઉકેલો પર તેમની કુશળતા શેર કરી. ONGC ના ચેરમેન ઓપનિંગ પ્લેનરી સત્રનો ભાગ હતા. અન્ય સત્રોમાં વીજળીકરણ માટે રોકાણ વ્યૂહરચના, ઈંધણ નવીનતા માટે નીતિ પ્રોત્સાહનો, છેલ્લા માઈલ ઈંધણ ગતિશીલતાને પ્રવેગક બનાવવા વગેરે પર આંતરદૃષ્ટિ દર્શાવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં BPCL, ONGC, Oil India અને HPCL ના વરિષ્ઠ અધિકારીઓ દ્વારા ‘‘લેબથી બજાર સુધી - સંશોધન મુદ્રીકરણને અનલોકિંગ‘‘ શીર્ષક સાથે એક ઈન્ક્યુબેશન રાઉન્ડટેબલનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા ઉપસ્થિત રહેલા તેના ઉદ્ઘાટન આવૃત્તિની ભવ્ય સફળતા બાદ, સ્ટાર્ટઅપ મહાકુંભ ૨૦૨૫ ની થીમ ‘સ્ટાર્ટઅપ ઈન્ડિયા જ ૨૦૪૭: ભારતની વાર્તાને અનફોલ્ડિંગ’ રાખવામાં આવી છે. આ કાર્યક્રમમાં નોંધપાત્ર વધારો થયો છે, જેમાં ૧૧ વિષયોના ક્ષેત્રોના ૩,૦૦૦ થી વધુ સ્ટાર્ટઅપ્સ ૧,૦૦૦ થી વધુ રોકાણકારો અને ઈન્ક્યુબેટર્સ સાથે ભાગ લઈ રહ્યા છે, જે નવીનતા અને ઉદ્યોગસાહસિકતા માટે અનુકૂળ વાતાવરણને પ્રોત્સાહન આપે છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે ૧૧ થી ૧૪ ફેબ્રુઆરી દરમિયાન યશોભૂમિ, દ્વારકા, દિલ્હી ખાતે યોજાયેલા ઈન્ડિયા એનર્જી વીક ૨૦૨૫ દરમિયાન સતત નવીનતાને સમર્થન અને માન્યતા આપી છે . ‘અવિન્ય’૨૫ - એનર્જી સ્ટાર્ટઅપ ચેલેન્જ’ એ કેપ્ચર, ESG સોલ્યુશન્સ અને રિન્યુએબલ એનર્જીમાં પ્રગતિ કરતા સ્ટાર્ટઅપ્સને ઓળખ્યા અને પુરસ્કાર આપ્યો. વધુમાં, ‘વસુધા - ઓઈલ એન્ડ ગેસ સ્ટાર્ટઅપ ચેલેન્જ’ એ અપસ્ટ્રીમ ઓઈલ અને ગેસ ક્ષેત્રમાં છૈં-સંચાલિત સોલ્યુશન્સનો પાયો નાખતા આંતરરાષ્ટ્રીય સ્ટાર્ટઅપ્સને માન્યતા આપી. અન્ય PSUs પણ નવીનતાને આગળ ધપાવી રહ્યા છે. EIL ની EngSUI પહેલે રૂા. ૩૫ કરોડ સાથે ૩૧ સ્ટાર્ટઅપ્સને ટેકો આપ્યો છે, જે ઔદ્યોગિક ઉત્સેચકો, કમ્પોસ્ટેબલ પોલિમર અને કાર્બન કેપ્ચરમાં પ્રોજેક્ટ્સને ભંડોળ પૂરું પાડે છે. HPCL ના HP ઉદગમ પ્રોગ્રામે ૨૯ સ્ટાર્ટઅપ્સને રૂા.૩૫ કરોડનું બીજ ભંડોળ પૂરું પાડ્યું છે, જેમાં સૌર-સંચાલિત લાંબા અંતરના ડ્રોન વિકસાવતી મરાલ એરોસ્પેસનો સમાવેશ થાય છે. BPCL ના અંકુર પ્રોગ્રામે રૂા.28 કરોડ સાથે ૩૦ સ્ટાર્ટઅપ્સને ભંડોળ પૂરું પાડ્યું છે, જેનાથી તેમને $132 મિલિયન એકત્ર કરવામાં અને $300 મિલિયનનું સંચિત મૂલ્યાંકન પ્રાપ્ત કરવામાં મદદ મળી છે. GAIL ની પંખ પહેલ ઊર્જા, લોજિસ્ટિક્સ અને ઔદ્યોગિક ટેકનોલોજીમાં સ્ટાર્ટઅપ્સને ટેકો આપે છે, જેમાં પાઈપલાઈન રિપેર, બાયોગેસ ઉત્પાદન અને ટકાઉ સામગ્રીમાં ઉકેલો દર્શાવતા સાહસો છે. આ સતત પ્રયાસો દ્વારા, MoPNG અને તેના PSUs ટેકનોલોજી-સંચાલિત અને ટકાઉ ઊર્જા ઈકોસિસ્ટમને પ્રોત્સાહન આપી રહ્યા છે, જે ભારતના ઊર્જા સંક્રમણ અને નવીનતા લેન્ડસ્કેપનું નેતૃત્વ કરવા માટે સ્ટાર્ટઅપ્સને સશક્ત બનાવી રહ્યા છે.

**રામના જન્મ માટે તો દશરથ કૌશલ્યા જરૂરી છે, પણ રામને તત્વતઃ અનુભવવા માટે માત્ર થોડા ચરિત્રોનું હોવું પર્યાપ્ત છે**

# સમગ્ર વિશ્વની અશાંતિ દૂર કરવાનો એક માત્ર વિકલ્પ, એટલે જન માનસમાં રામત્વનો જય ઘોષ !



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**વિષ્ણુનાં સાતમા અવતાર તરીકે ભગવાન રામે અયોધ્યામાં રાજા દશરથ અને માતા કૌશલ્યાના પુત્ર તરીકે જન્મ લીધો હતો, રાજા દશરથને પુત્રકામેષ્ટિ યજ્ઞનાં ફળ રૂપે મોટી અવસ્થામાં પુત્ર પ્રાપ્ત થયાં. ત્રેતાયુગમાં રાક્ષસો ઋષિમુનિઓને પોતાનાં યજ્ઞકાર્ય સંપન્ન કરવા દેતા ન્હોતા, પૃથ્વી પર પાપાચારનો અંત આવે અને ધર્મની પુનઃ સ્થાપના થાય, માટે ભગવાન વિષ્ણુએ રામ તરીકે જન્મ લીધો હતો.**

આજે ચૈત્રની નોમે મા નવદુર્ગાના નવમા સ્વરૂપ મા સિદ્ધિદાત્રીને નમીએ. હવે તો અયોધ્યામાં રામ લલ્લાના મંદિરમાં રામ જન્મોત્સવનો બહુ મોટો ઉત્સવ થશે! રામ નવમી છે, અને જન્મોત્સવ ઉજવાય એ બહુ સારી વાત છે, પણ અંતરમાં રામ તત્વનો જન્મ થવો એ પણ એટલું જ અનિવાર્ય છે. પણ સાચે જ એ સત્ય સ્વરૂપ રામની અનૂભૂતિ કરવા શું કરવું જોઈએ? એ વિચારવું રહ્યું! સિદ્ધિદાત્રીનાં આશિષથી સહસ્રાર ચક્રની કલ્પના પણ આલાદક છે, અને જો ત્યાં સુધી શક્તિ પ્રવાહને ખેંચી શકાય તો બહુ સારું છે, પરંતુ આપણી માટે સ્વ થી સર્વ સુધીની યાત્રા એટલે કે બ્રહ્મની વ્યાપકતાનું જ્ઞાન થવું, અને સર્વ માટે સંવેદનશીલ બનવું એ જ સહસ્રારની ફલશ્રુતિ છે. સમર્થ સદગુરુના વરદ હસ્તનો સ્પર્શ થાય તો આ કામ આસાન બને. શાસ્ત્રમાં આજ્ઞાચક્ર અને સહસ્રાર ચક્રની વચ્ચે હજી એક ચક્ર બતાવ્યું છે, અને એનું નામ જ ગુરુચક્ર છે!: અને ત્યાં ધ્યાન કરવાથી ગુરુના ચરણ દેખાય છે! દરેક જગ્યાએ બીજ મંત્ર છે, જ્યારે આ ચક્રમાં ચરણ દેખાડવાનું શું પ્રયોજન હોઈ શકે! માત્ર ને માત્ર એક જ વાત અહીં સાબિત થાય છે, કે ગુરુએ દેખાડેલા માર્ગ પર ચાલીને જ સહસ્રાચક્ર સુધી પહોંચી શકાય, અને એમાં બીજ મંત્ર તરીકે ગુરુએ આપેલ મંત્રનો પ્રયોગ કરવો. ગાયત્રી ઉપાસક મારા સદગુરુ ભગવાન પંડિત શ્રી રામ શર્મા આચાર્યજી એ પણ કુંડલીની જાગરણ વિશે ઘણું લખ્યું છે, અને એમણે આ સુષુમ્ણા નાડી પણ ત્રણ સ્તર ધરાવે છે, એ વાતની પુષ્ટિ કરતાં કહ્યું હતું કે, અંદર બ્રહ્મનાડી છે, જેમાંથી બ્રહ્મ સહસ્રાર પર પહોંચીને પોતાનું વ્યાપક સ્વરૂપ ધારણ કરે, ત્યારે સક્રિય સહસ્રાર એક જાગૃતિની મશાલ જેવું કામ કરે છે, અને એને શેષનાગની ફેણ તરીકે પણ સરખાવાયુ છે,કે જ્યાં આગળ શેષનાગની ફેણ પર પૃથ્વી છે, અને આ પૃથ્વી પરના ક્ષીર સાગરમાં ભગવાન વિષ્ણુ આરામ ફરમાવી રહ્યા છે. સમસ્ત બ્રહ્માંડમાં આવા કેટલાયે ઋષિમુનિઓને સિદ્ધ શુદ્ધ મહાપુરુષો હશે કે જેમણે પોતાની સહસ્રાર શક્તિને જાગૃત કરી હશે અને એ સમસ્ત ચેતનાઓ બ્રહ્મ બની સૃષ્ટિનું સંચાલન કરતા હશે! તો જ ક્ષીરસાગરમાં પરમાત્મા આરામ ફરમાવી શકે. સદગુરુદેવે અજગરનું ઉદાહરણ ટાંકીને લખ્યું છે, કે જેમ આકાશમાં ઉડતાં પંખીઓને અજગર જમીન પર સુતા સુતા જ મુખ ખોલી લપેટમાં લેતો હોય છે, બસ એ જ રીતે આવી જાગૃત શક્તિ, પ્રકૃતિની કે અવકાશી સિદ્ધિઓ પણ ગ્રહણ કરતા હોય. જોકે આપણી માટે આ બધું કલ્પનાતિત છે, પણ બ્રહ્મ એટલે જ પરમાત્મા, પરમાત્મા એટલે ઈશ્વર, ઈશ્વર એટલે જ સત્ય અને સત્ય એટલે જ રામ! અને રામ તત્વ તો સર્વ વ્યાપક છે, મારી જેમ આપ સૌમાં પણ એ જ તત્વ વિદ્યમાન થાય, એવું જ્ઞાન મળે તો આપણી આ ચક્ર સાધના પરિપુર્ણ



થઈ કહેવાય. આમ પણ આજે રામનવમી છે, તો એ રામ તત્વ વિશે થોડું જોઈએ. વિષ્ણુનાં સાતમા અવતાર તરીકે ભગવાન રામે અયોધ્યામાં રાજા દશરથ અને માતા કૌશલ્યાના પુત્ર તરીકે જન્મ લીધો હતો. રાજા દશરથને પુત્રકામેષ્ટિ યજ્ઞનાં ફળ રૂપે મોટી અવસ્થામાં પુત્ર પ્રાપ્ત થયાં. ત્રેતાયુગમાં રાક્ષસો ઋષિમુનિઓને પોતાનાં યજ્ઞકાર્ય સંપન્ન કરવા દેતા ન્હોતા. પૃથ્વી પર પાપાચારનો અંત આવે અને ધર્મની પુનઃ સ્થાપના થાય, માટે ભગવાન વિષ્ણુએ રામ તરીકે જન્મ લીધો હતો. ભગવાન રામ થોડા મોટા થયા એટલે, વિશ્વામિત્ર ઋષિનો યજ્ઞ સંપન્ન કરાવવા એમની સાથે વનમાં ગયા હતાં. વિશ્વામિત્ર સાથેની આ સફરમાં જ તેનું સીતાજી સાથે લગ્ન થયું, અને રાજા દશરથ પોતાના જ્યેષ્ઠ પુત્રને રાજ્યભાર સોંપી નિશ્ચિત થવા માંગે છે, એની જાણ મંથરા દ્વારા કૈકેયીને થઈ, અને ચંદ ઘડીમાં તક્તો પલટાઈ ગયો. ભગવાન રામ ચૌદ વરસના વનવાસે ચાલ્યા અને દશરથનું મૃત્યુ થયું. જે પુત્ર માટે રાજગાદી માંગી હતી એ પુત્ર એ રાજગાદીનો ઈક્રાર કર્યો, અને ભરત રાજા રામનાં પ્રતિનિધિ તરીકે એમની જેમ જ અયોધ્યા પાસે નંદીગ્રામમાં તાપસ બનીને આ અવધી પૂરી કરશે, અને અયોધ્યાના રાજ ધર્મનુ સંચાલન કરશે. આ ૧૪ વર્ષમાં ભગવાન રામ જુદી જુદી જગ્યાએ રહીને સૌમાં સત્ય પ્રેમ અને કરુણાની પુષ્ટિ કરી, તેમજ વિસરતા જતાં ધર્મનું અનુસંધાન કરાવ્યું. પંચવટીમાં રાવણ દ્વારા સીતાનું હરણ થવું, ત્યારબાદ સીતાની ખોજ, વિભિષણની શરણાગતિ, સીતા માટે રાવણ જેવા કેટલાય રાક્ષસો સાથે યુદ્ધ, યુદ્ધની અંતે ભગવાન રામનો વિજય, અને પછી સીતાજી સાથે પુનઃ અયોધ્યા ગમન, પછી રાજ્યાભિષેક. આમ ભગવાન રામની અવતાર લીલાઓનું રામચરિત માનસમાં વર્ણન છે. દશરથ નંદન, કૌશલ્યા કુમાર કે અયોધ્યા પતિ, જાનકી વલ્લભ, તરીકે ભગવાન રામને આપણે સૌ ઓળખીએ છીએ અને જાણકારી રૂપે તો તત્વતઃ રામ જ બ્રહ્મ છે, એ જાણવા છતાં સત્યની મહત્તા પ્રબળ ન હોવાથી રામ તત્વને અનુભવી શકાતું નથી. એટલે જ અયોધ્યામાં રામ મંદિરનું નિર્માણ તો થયું પણ રામરાજ્ય સ્થપાશે કે નહીં એ વિશે અસમંજસતા છે. રામના જન્મ માટે તો દશરથ કૌશલ્યા જરૂરી છે, પણ રામને તત્વતઃ અનુભવવા માટે માત્ર થોડા ચરિત્રોનું હોવું પર્યાપ્ત છે.

શ્રીરામને ૧૪ વર્ષનો વનવાસ અપાયો, ત્યારે એની સાથે એમનો અનુજ લક્ષ્મણ અને એમની પત્ની સીતાજી પણ વનમાં ગયા! આ બે ચરિત્ર એવા છે કે એમની વગર રામ તત્વ અનુભવી શકાતું નથી. એ ચરિત્રને આત્મસાત કરીએ તો જ ધર્મરૂપી સત્ય અને સત્ય રૂપી રામને આપણા જીવનમાં પ્રતિષ્ઠિત કરી શકાય છે. કારણ કે સીધા સાદા સત્યની સાપેક્ષતા ને કારણે આપણે સત્યને વહેવારુ બનાવી દીધું છે, તેની વાસ્તવિકતાની ધાર ઓછી થઈ ગઈ છે, અને એટલે તે સત્ય આપણને રામરૂપે જ્ઞાન કે પ્રકાશ આપતું નથી, અને આપણે એ તત્વને અનુભવી શકતા નથી. બીજી એક વાત એ છે કે સૌને રામનું નામ પોતાના કામ સિદ્ધ કરવા વટાવવું છે! એની પ્રતિતિ કોઈને કરવી નથી! એટલે કે તસ્વીરમાં કે ફોટા તરીકે ઘરમાં તો રાખવા છે, પણ એના ચરિત્રને આત્મસાત કરીને, એક બે ગુણ ઉજાગર કરવા નથી, માટે રામ તત્વની અનૂભૂતિ એટલી આલ્હાદક બનતી નથી. ભગવાન શ્રીરામના ભાઈ લક્ષ્મણને આપણે ત્યાં જાગૃત પુરુષ તરીકે ઓળખવામાં આવે છે, અને એનાં જેવી જાગૃતિ બીજે ક્યાંય જોવા મળતી નથી. લક્ષ્મણજી ભગવાન રામ સાથે ૧૪ વર્ષનો વનવાસ ભોગવ્યો, ત્યારે એક ક્ષણ માટે પણ નિંદ્રાધીન થયા નહોતાં! આ વાતને અલગ રીતે મૂલવીએ તો એમ કહી શકાય કે રામ તત્વની અનુભૂતિ માટે ક્ષણેક્ષણની જાગૃતિ બહુ જ જરૂરી છે! બાકી આ મોહ માયા અને મમતાની સૃષ્ટિમાં એકાદ ક્ષણની ગફલત પણ ભારે પડી શકે! ત્યારે આપણે તો એજ સૃષ્ટિમાં રમમાણ છીએ! મોહરાત્રીનો અંધકાર આપણી આસપાસ ઘેરાયેલો છે, એમાં રામ તત્વનો પ્રકાશ આપણે અનુભવી શકતા નથી, કારણ કે લક્ષ્મણ જેવી જાગૃતિ નથી માટે એ સત્ય સુધી પહોંચવા દેતી નથી. તો સીતાજી પણ શ્રીરામ સાથે વનવાસમાં ગયા હતાં, સીતા એટલે જ પ્રીતિ, સીતા એટલે જ ભક્તિ,અને સીતા એટલે જ શાંતિ! એટલે રામ તત્વની અનુભૂતિ માટે સીતાના આ ત્રણ સ્વરૂપોને આત્મસાત કરવા પડશે! રામ એટલે જ પરમ સત્ય! અને ત્યાં સુધી પહોંચવા માટે આપણી પ્રીતિને પણ પરમ બનાવવી પડશે, આપણી ભક્તિને પણ પરમ બનાવવી પડશે, અને તો જ આપણે પરમ શાંતિ સુધી પહોંચી શકીશું! એટલે કે પરસ્પર પ્રીત એ રામરાજ્યની પહેલી શરત હતી! અને જાત પાત કે સ્ત્રીલિંગ પુલિંગ ગમે તે હોય પણ માતા શબરી જેવો શુદ્ધ ભાવ જ આપણને ભક્તિની પરાકાષ્ઠા એ લઈ જશે. અંતમાં રામ તત્વ અનુભવવા માટે હનુમાન એટલે કે સ્વામી નહીં પણ દાસ બનવું પણ એટલું જ મહત્વનું છે! ઉત્ક્રાંતિને કારણે વાનર માંથી માનવ તો બન્યા હવે હનુમાન જેવા વાનર બની તત્વતઃ રામને હૃદયસ્થ કરીએ! આ રીતે જ આપણને એ રામ તત્વની અનૂભૂતિ થશે, બસ એ એક જ માત્ર ઉપાય છે. જય જય શ્રીરામ.

**નવદુર્ગાના સિદ્ધિ અને મોક્ષ આપનારા સ્વરૂપને સિદ્ધિદાત્રી કહે છે, સિદ્ધિદાત્રીની પૂજા નવરાત્રના નવમા દિવસે કરવામાં આવે છે**

# આજે ચૈત્રી છેલ્લું નોરતું એટલે મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રી રામચંદ્રજીનો જન્મદિન, સિદ્ધગંધર્વ યક્ષા દ્યૈરસુરૈરમરૈર પિ । સેવ્યમાના સદા ભૂયાત સિદ્ધિદા સિદ્ધિદાયની



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**આજે ચૈત્રી નવરાત્રિના અંતિમ દિવસે હવન પણ કરવામાં આવે છે, હવન કરવા માટે હવનકુંડમાં અગ્નિ પ્રજ્વલિત કરવા માટે કેરી, લીમડો, પલાશ અને ચંદનના લાકડાનો ઉપયોગ થાય છે, એ સિવાય છાણાને પણ ઘીમાં બોળી ને વાપરી શકાય છે, માતા સિદ્ધી દાત્રીનું પૂજન થઇ ગયા બાદ જ નવરાત્રી પૂજાનું સમાપન થાય છે.**

જય શ્રી રામ.. જય માતાજી સૌને રામનવમી ચૈત્રી નવમા નવરાત્રની શુભેચ્છા. હિંદુ ધર્મના શાસ્ત્રો અનુસાર જયારે સમાજમાં સત્ય ઉપર અસત્ય, પ્રમાણિકતા ઉપર અપ્રમાણિકતા, સદાચાર ઉપર દુરાચાર અને ઋષિ સંસ્કૃતિ ઉપર દૈત્ય શકિતઓ હાવી થવા લાગી ત્યારે શ્રી રામે તેમનો નાશ કરવા માટે જન્મ લીધો. તે સમય હતો ચૈત્ર સુદ નવમી બપોરના બાર વાગ્યાનો . શ્રી રામના આ જન્મ દિવસને ઉત્તરથી દક્ષિણ અને પૂર્વથી પશ્ચિમ સુધી બધા રામ નવમી તરીકે આજે પણ ધામધુમ થી ઉજવે છે. આ રામ નવમી માત્ર શ્રી રામના જીવનની જ નહી પણ એક એવા પુત્રની પણ આપણને યાદ અપાવે છે, જેમાં એક વ્યકિત એ પિતા-માતા, ગુરુ,પત્નિ,નાના ભાઈ ભાડું પ્રત્યેની ફરજો ઉપરાંત કુટુંબ તેમજ સમાજ પ્રત્યેની ફરજો નિષ્ઠાપૂર્વક બજાવવા સાથે એક મર્યાદા પુરુષોત્તમ તરીકેનું,એક પૂર્ણ પુરુષનું, જીવન વ્યતિત કર્યુ. ચૈત્રી નવરાત્રીનો આજે છેલ્લો દિવસ પુજા, વ્રત, ઉપવાસ, હવન, દાન થકી પૂણ્ય કમાવવા પ્રયત્ન. રામ નવમી વસંત ઋતુમાં આવતો છે. વિષ્ણુના સાતમા અવતાર મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રી રામનો જન્મદિન છે. દેશના ઘણાં રાજ્યોમાં રામનવમીની જાહેર રજા હોય છે. આજના દિવસે ઘણી જગ્યાએ રામકથાના પઠન-શ્રવણ દ્વારા ઉજવાય છે. ભારતીય પરંપરા દ્વારા રામાયણ અને મહાભારતને ઈતિહાસ માનવામાં આવે છે. લોકો રામમંદિરોમાં પૂજન-અર્ચન, દર્શનાર્થે જાય છે.અથવા ઘરમાં પૂજા-અર્ચના પણ કરે છે. રામની બાલમૂર્તિની સેવા-પૂજા તથા પારણાનાં દર્શન પણ કરાય છે. ઘણાં લોકો આ દિવસ વ્રત-ઉપ વાસ પણ કરે છે. આજના પવિત્ર દિવસે અયોધ્યા, સીતા સંહિત સ્થળ (ઉત્તર પ્રદેશ) સીતામઢી(બિહાર),જનકપુર ધામ (નેપાળ) ભદ્રાચલમ (તેલંગાણા), કોદદરામ મંદિર (આંધ્ર પ્રદેશ), રામેશ્વરમ (તામિલનાડુ)તથા અન્ય નાના- મોટા નગરોમાં શોભાયાત્રાનું પણ આયોજન કરાય છે. અયોધ્યામાં લોકો સરયુ નદીમાં સ્નાન કરી રામમંદિરમાં દર્શનાર્થે જાય છે..આજના દિવસે માતા શક્તિ ના નવમા સ્વરૂપનું વર્ણન કરતાં પહેલાં ભારતીય હદય સમ્રાટ મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રી રામનો જન્મ દિવસ રામ નવમી વિશે થોડું જાણયું. નવદુર્ગાના સિદ્ધિ અને મોક્ષ આપનારા સ્વરૂપને સિદ્ધિદાત્રી કહે છે. સિદ્ધિદાત્રીની પૂજા નવરાત્રના નવમા દિવસે કરવામાં આવે છે. દેવ, યક્ષ, કિન્નર, દાનવ, ઋષિ- મુનિ, સાધક અને ગૃહસ્થ આશ્રમ માં જીવનયાપન કરનારા ભક્ત સિદ્ધિદાત્રીની પૂજા કરે



છે. તેનાથી તેમને યશ,બળ અને ધન ની પ્રાપ્તિ થાય છે.સિદ્ધિદાત્રી દેવી એ તમામ ભક્તોને મહાવિદ્યાઓ ની અષ્ટ સિદ્ધિઓ પ્રદાન કરે છે, જે શુદ્ધ અને સાચા મનથી તેમની આરાધના કરે છે.એવી માન્યતા કરે છે કે, તમામ દેવી દેવતાઓને પણ મા સિદ્ધિદાત્રી થી જ સિદ્ધિઓની પ્રાપ્તિ થાય છે. મા સિદ્ધિદાત્રી કમળ પર બિરાજમાન છે અને હાથોમાં કમળ, શંખ, ગદા, સુદર્શન ચક્ર ધારણ કર્યા છે. સિદ્ધિદાત્રી મા સરસ્વતીનું પણ સ્વરૂપ છે, જે શ્વેત વસ્ત્રાલંકારથી યુક્ત મહા જ્ઞાન અને મધુર સ્વરથી પોતાના ભક્તોને સમ્મોહિત કરે છે. દેવી ભાગવત્ પુરાણ પ્રમાણે બ્રહ્માંડની શરૂઆતમાં શિવે રચના માટે આદિ-પરાશક્તિની ઉપાસના કરી. એમ માનવામાં આવે છે કે આદિ-પરાશક્તિ દેહ સ્વરૂપ ધરાવતા ન હતા આથી આદિપરા શક્તિ શિવનાં અડધા દેહમાંથી ‘સિદ્ધિદાત્રી’ સ્વરૂપે પ્રગટ્યા. આમ શિવનાઅર્ધનારીશ્વર સ્વરૂપમાં અર્ધો દેહ તે દેવી સિદ્ધિ દાત્રીનો દર્શાવાય છે.દેવી સિદ્ધિ દાત્રીની ઉપાસના મનુષ્ય ઉપરાંત દેવ, ગંધર્વ, યક્ષ,અસૂર અને સિદ્ધ પણ કરે છે.નવરાત્રિના નવમા દિવસે સ્નાનાદિ કર્મ પતાવી ને સ્વચ્છ વસ્ત્રો ધારણ કરવા. કળશ સ્થાપના સ્થળે માઁ સિદ્ધિ દાત્રીની મૂર્તિ સ્થાપિત કરો, માતા સમક્ષ દીવો પ્રગટાવીને કમળના નવ ફૂલ અર્પણ કરવા. ત્યાર બાદ માતાને નવ પ્રકારના ભોજન, નવ પ્રકારના ફળો અને ફૂલો વગેરે અર્પણ કરવા.માસિદ્ધિ દાત્રીને તલ અર્પણ કરવાથી વિશેષ ફળ મેળવી શકાય છે. માતાના બીજ મંત્રોનો જાપ કરવો. આજે ચૈત્રી નવરાત્રિના અંતિમ દિવસે હવન પણ કરવામાં આવે છે. હવન કરવા માટે હવનકુંડમાં અગ્નિ પ્રજ્વલિત કરવા માટે કેરી, લીમડો, પલાશ અને ચંદનના લાકડાનો ઉપયોગ થાય છે. એ સિવાય છાણાને પણ ઘીમાં બોળીને વાપરી શકાય છે. માતા સિદ્ધી દાત્રીનું પૂજન થઈ ગયા બાદ જ નવરાત્રી પૂજાનું સમાપન થાય છે. માતાના આ નવમા સ્વરૂપ ની ઉપાસના કરવાથી વ્યક્તિને યશ, ધન, મોક્ષ અને તમામ પ્રકારની સિદ્ધિઓની પ્રાપ્તિ થાય છે. એટલું જ નહીં તમામ દેવીદેવતાઓને પણ માતા સિદ્ધિદાત્રી એ જ સિદ્ધિ આપી છે. માર્કન્ડેય પુરાણ મુજબ કુલ આઠ પ્રાકારની સિધ્ધિઓ હોય છે. જેના નામ આ મુજબ છે : અણિમા, મહિમા, ગરિમા, લધિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઈશિત્વ અને વશિત્વ. મા સિદ્ધિદાત્રી પોતાના સાધકોને આ તમામ સિધ્ધિઓ આપે છે. નવમા દિવસે સિદ્ધિદાત્રીને ફળ, હલવો, પૂરી, કાળા ચણા અને નારિયેળનો ભોગ ધરાવવામાં આવે છે. જે ભક્ત નવરાત્રીનું વ્રત કરી નવમા પૂજન સાથે સમાપાન કરે છે, તેમને આ સંસારમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષની પ્રાપ્તિ હોય છે. આજે નવમા નોરતે માતા સિદ્ધિ દાત્રીની ઉપાસના કરવામાં આવે છે. ત્યારે આજના દિવસની પૂજા અર્ચનાનું મહત્વ શું છે તે અમે અહીં જણાવીશું.મા દુર્ગાજી ની નવી શક્તિનું નામ સિદ્ધિદાત્રી છે. આ બધા પ્રકારની સિદ્ધિઓ આપનાર દેવી છે. આ દિવસ માતા સિદ્ધિદાત્રીને સમર્પિત છે. એવી માન્યતા છે કે, જે માણસ માતાના આ રૂપની આરાધના કરે છે તેને બધા જ પ્રકારની સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. નવમા નોરતે શાસ્ત્રીય વિધિ વિધાન સાથે અને પૂરી નિષ્ઠાથી જે મા સિદ્ધિદાત્રીની પ્રાર્થના કરે છે તેને તમામ સિધ્ધિ ઓ પ્રાપ્ત થાય છે. તે વ્યક્તિ માટે સૃષ્ટિમાં કંઈ પણ અગમ્ય રહેતું નથી. માતા સિદ્ધિ દાત્રી કમળના ફૂલ પર બિરાજમાન છે. આજના આ પાવન દિવસે રીંગણી કલરના કપડા પહેરવાનું શુભ મનાઈ છે. આ દિવસે દુર્ગાસપ્તશતીના નવમા અધ્યાયથી માતાનું પૂજન કરો. નવરાત્રમાં આ દિવસે દેવી સહિત તેમનાં વાહન, સાયુજ એટલે કે હથિયાર, યોગનીઓ અને અન્ય દેવીદેવતાઓનાં નામથી હવન કરવાનું વિધાન છે. તેનાથી ભોગ અને મોક્ષની પ્રાપ્તિ થાય છે.માતાજીની પૂજા બાદ કુંવારી કન્યાઓને ભોજન કરાવવામાં આવે છે.તેમને માતાના પ્રસાદની સાથે દક્ષિણા આપવામાં આવે છે અને ચરણ સ્પર્શ કરી આશીર્વાદ લેવામાં આવે છે. આઠ દિવસ વ્રત, નવમી પૂજા અને કન્યાઓને ભોજન કરાવ્યા બાદ માતાજીને વિદાય આપવામાં આવે છે.

**સિદ્ધગંધર્વ યક્ષા દ્યૈરસુરૈરમરૈરપિ ।**
**સેવ્યમાના સદા ભૂયાત સિદ્ધિદા સિદ્ધિદાયની.**
**યા દેવી સર્વભૂતેષુ માઁ સિદ્ધિદાત્રી રૂપેન સંસ્થિતા।**
**નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમઃ ॥**

અર્થાત્, સિદ્ધિદાત્રી સ્વરૂપે સર્વત્ર બિરાજમાન હે માતા અંબે, આપને મારા વારંવાર પ્રણામ! વાચક ચાહક મિત્રો આજે ચૈત્રી નવરાત્રીનું નવમું એટલે કે છેલ્લુ નોરતું.. ભગવાન શ્રી રામચંદ્ર,મા શક્તિ ભવાની સૌની મનોકામના પૂરી કરે તેવી પ્રાર્થના સાથે અસ્તુ.

# તૈમુરના જન્મ વખતે એકલી હોવાનું ભારે દુઃખ

## કરીના અને સૈફ વચ્ચેના સંબંધો જ્યારથી ડેટિંગ શરૂ કર્યું હતું ત્યારથી ચર્ચાનો વિષય રહ્યા છે

કરીના કપૂર ખાન અને સૈફ અલી ખાન વચ્ચેના સંબંધો જ્યારથી ડેટિંગ શરૂ કર્યું હતું ત્યારથી ચર્ચાનો વિષય રહ્યા છે. સૈફનો કરીના પ્રત્યેનો પ્રેમ એટલો ગાઢ હતો કે તેણે પોતાના હાથ પર દેવનાગરી ભાષામાં કરીનાનું નામ ટેટૂ કરાવ્યું. તેમના મજબૂત સંબંધો હોવા છતાં, કરીનાએ તેમના પડકારો વિશે પણ વાત કરી છે. તેણીએ તાજેતરમાં જ ખુલાસો કર્યો હતો કે જ્યારે સૈફ કરીના સાથે તેના પુત્રને જન્મ આપ્યા પછી એક પણ રાત હોસ્પિટલમાં રોકાયો નહીં ત્યારે તેણી કેટલી દુઃખી હતી.કરીના કપૂર ખાન સાથેની વાતચીત દરમિયાન, રણબીર કપૂરે ખુલાસો કર્યો કે તેણે પુત્રીના જન્મ પછી તેની પત્ની આલિયા ભટ્ટને ટેકો આપવા માટે તેના કામમાંથી સમય કાઢ્યો હતો. પોતાના પરિવારને પ્રાથમિકતા આપતા, તેમણે આલિયા અને તેમના નવજાત બાળક સાથે આખો એક અઠવાડિયું હોસ્પિટલમાં વિતાવ્યું. તેણે કહ્યું, હું ફક્ત તેની સાથે જ રહ્યો. 'મેં ડિલિવરી પહેલાં બે થી ત્રણ મહિના માટે કામ પરથી રજા લીધી હતી.' હું એક અઠવાડિયા સુધી તેની સાથે હોસ્પિટલમાં રહ્યો. જોકે, કરીનાએ રણબીરના પરિવાર પ્રત્યેના ઈશારાનો મજાકમાં



જવાબ આપ્યો અને તેને પ્રેમાળ પતિ કહ્યો. ત્યારબાદ તેણીએ તેના પતિ સૈફ સાથે પોતાની વાર્તા શેર કરી અને કહ્યું, 'આનો અર્થ એ છે કે તમે ખૂબ જ પ્રેમાળ પતિ છો.' સૈફ મારી સાથે હોસ્પિટલમાં એક રાત પણ રોકાયો નહીં.પાંચ વર્ષ ડેટિંગ કર્યા બાદ કરીના અને સૈફે ૨૦૧૨ માં લગ્ન કર્યા. આ પહેલા તેઓ સાથે રહેતા હતા. ૧૦ વર્ષનો ઉંમરનો તફાવત અને આંતર-ધાર્મિક લગ્નની ટીકા છતાં, કરીનાએ બધું બાજુ પર રાખીને પોતાના સંબંધનો પાયો નાખ્યો. તેમને બે પુત્રો છે - તૈમૂર (જન્મ ૨૦૧૬) અને જહાંગીર (જન્મ ૨૦૨૧). કરીના ઘણીવાર તેના પુત્રો વિશે પણ વાત કરે છે.

# મેં લગ્નની યોજનાઓ હાલ પુરતી મુલતવી રાખી

યુઝવેન્દ્ર ચહલને ડેટ કરતી વખતે આરજે મહવશે ચોંકાવનારો ખુલાસો કર્યો છે અને કહ્યું કે ૧૯ વર્ષની ઉંમરે સગાઈ મારી સગાઈ થઈ ગઈ હતી. હવે હું હું સંપૂર્ણપણે સિંગલ છું અને જયારે લગ્ન વિષે ગંભીર બનીશ ત્યારે જ ડેટિંગ કરીશ. ક્રિકેટર યુઝવેન્દ્ર ચહલનું અંગત જીવન છેલ્લા કેટલાક સમયથી ખૂબ જચર્ચામાં છે. પત્ની ધનશ્રી વર્માથી અલગ થયા પછી આ ચર્ચા વધી ગઈ. તે પછી, આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફી દરમિયાન તેને મહવશ સાથે જોઈને લોકો વિચારમાં પડી ગયા. તેમના ફોટા તરત જ ઓનલાઈન વાયરલ થઈ ગયા, જેના કારણે બંને વચ્ચે અફેર હોવાની અટકળો શરૂ થઈ ગઈ. જોકે યુઝવેન્દ્રએ આ બાબતે કોઈ ટિપ્પણી કરવાનું પસંદ કર્યું નથી, પરંતુ આરજે મહવાશે તાજેતરમાં જ આ વિશે વાત કરી અને કહ્યું કે 'હું સંપૂર્ણપણે સિંગલ છું.'યુવા સાથેના તાજેતરના ઈન્ટરવ્યુમાં, આરજે મહવશે તેના રિલેશનશિપ સ્ટેટસ વિશેના પ્રશ્નોના જવાબ આપ્યા. સોશિયલ મીડિયા પર્સનાલિટીએ કહ્યું કે તે હાલમાં સિંગલ છે અને આજના વિશ્વમાં લગ્ન વિશે તેના વિચારો પણ શેર કર્યા.મહવશે કહ્યું કે તે એવી છોકરી છે જે લગ્નની વાત આવે ત્યારે જ ડેટિંગ વિશે વિચારશે કારણ કે તે કેઝ્યુઅલ સંબંધોમાં માનતી નથી. તેણીએ એમ પણ કહ્યું કે તેણીએ લગ્નની



યોજનાઓ હાલ પૂરતી મુલતવી રાખી છે કારણ કે તેણીને જીવનના આ તબક્કે સંબંધ બાંધવામાં મુશ્કેલી પ ડી રહી છે. આ જ વાતચીત દરમિયાન, આરજે મહવાશે એક ચોંકાવનારો ખુલાસો કર્યો, જેમાં તેણે જણાવ્યું કે તેની સગાઈ ૧૯ વર્ષની નાની ઉંમરે થઈ ગઈ હતી.જોકે, આ સગાઈ લાંબો સમય ટકી ન હતી અને બે વર્ષ પછી આ સંબંધનો અંત આવ્યો. તેણીએ વધુમાં કહ્યું કે તે અલીગઢના એક નાના શહેરથી આવે છે જ્યાં પ્રવર્તમાન માનસિકતા યોગ્ય પતિ શોધવા અને લગ્ન કરીને સ્થાયી થવા સુધી મર્યાદિત જેને જીવનનું અંતિમ લક્ષ્ય માનવામાં આવતું હતું. આરજે માહવાશ અને યુઝવેન્દ્ર ચહલના રિલેશનશિપ ની અફવાઓ ઘણા સમયથી ચાલી રહી છે.

# ચાહકોની આતુરતાનો અંત હેરા ફેરી ૩' નું શુટિંગ શરૂ

અક્ષય કુમારની આગામી ફિલ્મ 'કેસરી ૨'નું ટ્રેલર રિલીઝ થઈ ગયું છે. ગુરુવારે ટ્રેલર લોન્ચ સમયે તેમણે 'કેસરી ૩' ની જાહેરાત કરી. હવે તેમની ફિલ્મ 'હેરા ફેરી ૩' સંબંધિત એક અપડેટ આવી છે.લોકો અક્ષય કુમારની કલ્ટ કોમેડી ફિલ્મ 'હેરા ફેરી'ની સિક્વલની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે, 'હેરા ફેરી' વર્ષ ૨૦૦૦ માં રિલીઝ થઈ હતી. જ્યારે 'ફિર હેરા ફેરી' વર્ષ ૨૦૦૬ માં રિલીઝ થઈ હતી. આનો અર્થ એ થયો કે 'હેરા ફેરી'



ફ્રેન્ચાઈઝના ચાહકો છેલ્લા ૧૯ વર્ષથી તેની સિક્વલની રાહ જોઈ રહ્યા છે. તમને એ જાણીને આનંદ થશે કે તમારી રાહનો અંત આવવાનો છે. 'હેરા ફેરી ૩'નું શૂટિંગ શરૂ થઈ ગયું છે.સૂત્રએ જણાવ્યું હતું કેપ પ્રિયદર્શન આ ફિલ્મનું નિર્દેશન કરી રહ્યા છે. થોડા દિવસો પહેલા પ્રિયદર્શને કહ્યું હતું કે તે આવતા વર્ષે 'હેરા ફેરી ૩' ની સ્ક્રિપ્ટ લખવાનું શરૂ કરી શકે છે. હવે અપડેટ આવી રહી છે કે 'હેરા ફેરી ૩'નું શૂટિંગ શરૂ થઈ ગયું છે. અહેવાલ મુજબ, અક્ષય કુમાર, સુનીલ શેટ્ટી અને પરેશ રાવલે બુધવારે ફિલ્મ માટે એક દ્રશ્ય શૂટ કર્યું હતું. પ્રોડક્શનના એક સૂત્રએ આ સમાચારની પુષ્ટિ કરતા કહ્યું, "હા, તે સાચું છે. અક્ષય, સુનીલ અને પરેશે બુધવારે ફિલ્મનો પહેલો સીન શૂટ કર્યો હતો.અક્ષય કુમારની ફિલ્મ 'કેસરી ૨' ૧૮ એપ્રિલે સિનેમાઘરોમાં રિલીઝ થશે. તેમની આગામી ફિલ્મ 'હાઉસફુલ ૫' છે. આ ફિલ્મ ૬ જૂને રિલીઝ થશે. આ પછી 'જોલી એલએલબી ૩' રિલીઝ થશે. આ ફિલ્મ ૧૯ સપ્ટેમ્બરના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે. આ સિવાય અક્ષય પાસે 'કેસરી ૩', 'ભૂત બંગલા', 'વેલકમ ટુ ધ જંગલ' અને 'ભાગમ ભાગ ૨' છે.

### લોકોએ ટ્રોલ કરવાનું શરૂ કર્યું

# નુસરત જહાં કોસ્મેટીક સર્જરીની ખો ભૂલી ગઈ છે

નુસરત જહાંએ તાજેતરમાં કોસ્મેટિક સર્જરી પર પ્રતિક્રિયા આપી. તેણીએ કહ્યું કે તેણીએ એક વખત લિપ ફિલર કરાવ્યા હતા.ત્યારે લોકો કહેવા લાગ્યા કે તે ગોરિલા જેવી દેખાતી હતી. વાસ્તવમાં લીપ ફીલર કરાવ્યા ત્યારે તેનું વજન હતું અને બાદમાં ઓછું થએગયું તો હોઠ ખુબ મોટા દેખાવા લાગ્યા હતા.નુસરત જહાંએ કહ્યું, 'જ્યારે હું ત્વચારોગ નિષ્ણાત પાસે ગઈ, ત્યારે તેમણે કહ્યું કે તે મને લિપ ફિલર આપશે.' તો મેં કહ્યું કે મને આપો. આ નવું છે. તો મેં લિપ ફિલર લીધા. આ એકમાત્ર કામ છે જે મેં પૂર્ણ કર્યું છે. તે સમયે હું ગોળમટોળ હતી . પછી મારું વજન ઓછું થયું. મેં કસરત કરી. ફિલ્મ માટે વજન ઘટાડ્યું. તેથી મારા હોઠ મોટા દેખાવા લાગ્યા. આ વિચિત્ર લાગવા લાગ્યું હતું. તમારે તેને વારંવાર ફરીથી સ્પર્શ કરાવવો પડે છે, જે મેં પૂર્ણ કર્યું નથી. મને ખબર નહોતી. મને લાગ્યું કે આવું એક વાર બન્યું હશે.નુસરતે આગળ કહ્યું, 'શરૂઆતમાં તે સારું લાગતું હતું .' થોડા સમય પછી તે વિચિત્ર બની ગયું. લોકોએ ટ્રોલ કરવાનું શરૂ કર્યું. મેં ગોરિલા સાથેનો ફોટો પોસ્ટ કર્યો. લોકો કહેવા લાગ્યા કે ગોરિલા અને મારા હોઠ એક જ છે. પછી મેં મારી જાતને અરીસામાં જોયું અને મને લાગ્યું કે તે એટલું મોટું નથી, પણ હા, કદાચ ઠીક છે. પછી મેં મારા ત્વચારોગ તબીબને પૂછ્યું કે આમાંથી કેવી રીતે છુટકારો મેળવવો. પછી મેં ફીલર હટાવ્યા, પછી જ્યારે હું ગર્ભવતી હતી ત્યારે મારું નાક મોટું થઈ ગયું. પછી લોકો કહેવા લાગ્યા કે મેં નાકની સર્જરી કરાવી છે. કેટલાક લોકો સારા દેખાવા માટે સર્જરી કરાવે છે.


# પુષ્પા રાજ નામના વાસ્તવિક સ્મગલરના નામ પરથી ઉભું થયું 'પુષ્પા'નું સામ્રાજ્ય

## પુષ્પા ફ્રેન્ચાઇઝીની ફિલ્મોમાં અર્જૂન લાલ ચંદનના સ્મગર પુષ્પા રાજનો રોલ કરે છે

પુષ્પાના ડિરેક્ટર સુકુમાર હજુ પણ 'પુષ્પાઃ ધ રુલ'ની સફળતાને માણી રહ્યા છે. હજુ તેમણે કોઈ નવી ફિલ્મની જાહેરાત કરી નથી. આ ફિલ્મે બોક્સ ઓફીસ પર પણ ઈતિહાસ સર્જ્યો છે. અલ્લુ અર્જૂનની આ ફિલ્મ ૧૮૦૦ કરોડની કમાણી સાથે ભારતના ઈતિહાસમાં સૌથી વધુ કમાણી કરનારી બીજી ફિલ્મ બની ગઈ છે. પુષ્પા ફ્રેન્ચાઈઝીની ફિલ્મોમાં અલ્લુ અર્જૂન લાલ ચંદનના સ્મગર



પુશ્પા રાજનો રોલ કરે છે. ચેન્નઈમાં યોજાએલ એક એવોર્ડ સમારોહમાં ડિરેક્ટર સુકુમારે આ પાત્રના નામ પાછળની સાચી સ્ટોરીનો ખુલાસો કર્યો હતો.સુકુમારે કહ્યું, "સાઉથ ઈન્ડિયામાં દાયકાઓથી લાલ ચંદનની સ્મગલિંગ ઘણી ફુલી ફાલી છે. શરૂઆતમાં મેં આના પર એક ડોક્યુમેન્ટરી બનાવવાનું વિચાર્યું હતું. મારા આ અંગેના સંશોધન વખતે હું કેટલાંક સ્મગલર્સને મળ્યો પણ ખરો. પુષ્પા ફ્રેન્ચાઈઝીની ફિલ્મોમાં અલ્લુ અર્જૂન લાલ ચંદનના સ્મગર પુષ્પા રાજનો રોલ કરે છે તેમાંથી એક સ્મગલરનું નામ પુષ્પ રાજ હતું, બધા એને પુષ્પા કહેતા હતા. મને લાગ્યું કે આ નામ રસપ્રદ છે, તો મેં ફિલ્મમાં અલ્લુ અર્જુનને સ્મગલર પુષ્પ રાજનું નામ આપવાનું નક્કી કર્યું." જોકે, સુકુમારે તેમના આગામી પ્રોજેક્ટ અંગે કોઈ વાત કરી નથી. એવી ચર્ચા અને અફવાઓ છે કે સુકુમાર તેમની ફિલ્મ 'રંગસ્થલમ'ના હિરો રામ ચરણ સાથે આગળની ફિલ્મ કરી રહ્યા છે. આ અંગે કોઈ જાહેરાત થઈ નથી પરંતુ આ ફિલ્મ ૨૦૨૬માં ફલોર પર જાય એવી શકયતા છે.



'દંગલ' પહેલા, ફાતિમાએ ઘણા વર્ષો પહેલા આમિર ખાન સાથે બાળ કલાકાર તરીકે કામ કર્યું હતું

# ફાતિમા સના શેખની આમીર સાથેની પહેલી ફિલ્મ દંગલ નથી

ફિલ્મ 'દંગલ'માં કુસ્તીબાજ ગીતા ફોગાટની ભૂમિકા માટે પ્રખ્યાત ફાતિમા સના શેખે તાજેતરમાં ચાહકોને આશ્ચર્યચકિત કરી દીધા હતા કે આમિર ખાન સાથેની તેની પહેલી ફિલ્મ ૨૮ વર્ષ પહેલા રિલીઝ થઈ હતી. 'દંગલ' પહેલા, ફાતિમાએ ઘણા વર્ષો પહેલા આમિર ખાન સાથે બાળ કલાકાર તરીકે કામ કર્યું હતું. ફાતિમાએ તાજેતરમાં આ રોમેન્ટિક કોમેડી ફિલ્મ વિશે બધું જ જણાવ્યું. આ પોડકાસ્ટ પર, ફાતિમાએ તેની શરૂઆતની કારકિર્દીની આ રસપ્રદ વાર્તા કહી. તેમણે ૧૯૯૭ની ફિલ્મ 'ઈશ્ક'ના એક ખાસ દ્રશ્યને યાદ કર્યું જેમાં આમિર ખાનનું પાત્ર કાજોલ તરફ દોડીને વારંવાર 'મારા, મારા, મારા' બૂમ પાડે છે. ફાતિમાએ કહ્યું, 'તે ફિલ્મમાં એક દ્રશ્ય છે જ્યાં આમિર જઈને 'મારા, મારા, મારા' બૂમ પાડે છે અને તેની સામે કાજોલ એક નાની છોકરી સાથે છે... તે નાની છોકરી હું છું.' હા, એ હું જ છું. ફાતિમાના આ શબ્દો સાંભળીને ભારતી ખૂબ જ આશ્ચર્યચકિત થઈ ગઈ. તેમણે કહ્યું કે તેમને ફિલ્મમાં ફાતિમાના કેમિયો વિશે કોઈ ખ્યાલ નહોતો. તેણે તે દ્રશ્ય જોવા માટે



ફરીથી ફિલ્મ જોવાનું વચન આપ્યું 'દંગલ' થી પ્રખ્યાત થયા પહેલા, તેણીએ 'ચાચી ૪૨૦', 'બડે દિલવાલા' અને 'વન ૨ કા ૪' જેવી ફિલ્મોમાં કામ કર્યું હતું. જોકે, તેણીને સફળતાની ક્ષણ 'દંગલ' સાથે આવી જેમાં તેણીએ આમિર ખાન સાથે ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર સફળ રહી, ભારતની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મોમાંની એક બની અને આંતરરાષ્ટ્રીય સ્તરે ઓળખ મેળવી. બાળ કલાકાર તરીકે પોતાની કારકિર્દીની શરૂઆત કરવા છતાં, ફાતિમાને ઉદ્યોગમાં સંઘર્ષનો સામનો કરવો પડ્યો. તેણીને દુનિયા સમક્ષ મુખ્ય અભિનેત્રી તરીકે સ્થાપિત કરવા માટે ખૂબ મહેનત કરવી પડી.

# લોકપ્રિય સિરીઝ 'પંચાયત'ની ચોથી સિઝન પાકી થઈ

## 'પંચાયત' ઓટીટીની દુનિયાની સૌથી લોકપ્રિય સિરીઝમાંની એક છે, જેની આગળની 3 સિઝન ઘણી લોકપ્રિય થઈ હતી

'પંચાયત' ઓટીટીની દુનિયાની સૌથી લોકપ્રિય સિરીઝમાંની એક છે. જેની આગળની ૩ સિઝન ઘણી લોકપ્રિય થઈ હતી. હવે જ્યારે આ સિરીઝના પાંચ વર્ષ પૂરાં થઈ રહ્યાં છે ત્યારે સિરીઝની ટીમ દ્વારા તેની ચોથી સિઝનની જાહેરાત કરવામાં આવી છે. આ જાહેરાત થતાં જ તેમનાં ફેન્સ ખુબ ઉત્સાહમાં આવી ગયાં છે.પ્રાઈમ વીડિયો દ્વારા ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કરવામાં આવ્યો છે, જેમાં ભુપેન્દ્ર જોગી, દર્શન મગદુમ સાથે કોલબરેશનમાં આ વીડિયો શેર કરવામાં આવ્યો છે.

આ વીડિયોમાં ગોપી વહુનાં પાત્રથી જાણીતી થયેલી જિયા માણેક પણ જોવા મળે છે. તે વીડિયોમાં ચોપ ડીઓ ધોતી દેખાય છે અને મજાકમાં કહે છે કે પંચાયતે તેની પાસેથી સોશિયલ મીડિયા પરનાં બધાં જ મિમ્સનું શ્રેય છીનવી લીધું છે. આ સાથે તે એ જાણીતા મીમ "એક-એક ચાઈ હો જાયે?"ની ટીકા પણ કરી અને કહ્યું, "આ તો ખાલી એક વાક્ય છે." ત્યારે તેના જવાબમાં જિતેન્દ્ર કુમાર કહે છે, "ઈન્ટરનેટને એવા મીમ્સ જોઈએ છે, જે દુનિયાભરમાં વાયરલ થઈ જાય. વાયરલ થવા પાછળ ન ભાગો, તમારી પોતાની મોમેન્ટ બનાવો." આવું કહીને તરત જ તે પંચાયતના અભિષેકમાંથી



'કોટા ફેક્ટરી'નો જીતુ ભૈયા બની જાય છે અને પૂછે છે, "પંચાયત હવે પાંચ વર્ષની થઈ ગઈ છે, તો તમે તમારી જાતને આવતા પાંચ વર્ષમાં ક્યાં જુઓ છો." પછી તેણે જાહેરાત કરી કે પંચાયતની નવી સીઝન પણ આ જ વર્ષમાં આવી જશે. તો પછી જિઆએ કહ્યું, "જો એ આ વર્ષે જ આવતી હોય તો, શું આપણે ટાંકી પર જઈને ગ્રીન ટી પી શકીએ?" પણ જિતેન્દ્ર તેને જવાબ આપ્યા વિના જ ભાગી જાય છે. આ વીડિયોના અંતે મેકર્સે જાહેર કર્યુ કે હવેની સીઝન ૨ જુલાઈએ પ્રીમિયર થશે.


આ જોતાં જ દર્શકો પોતાનો ઉત્સાહ વ્યક્ત કર્યા વિના રહી શક્યા નહીં. એક યૂઝરે કમેન્ટમાં લખ્યું, "આ યુનિવર્સને શું નામ આપવું?" તો કોઈએ કહ્યું કે "પ્રાઈમ ખરેખર ગાંડપણનું મલ્ટિવર્સ ઉભું કરી રહ્યું છે." પંચાયત એક એવી કોમેડી સિરીઝ છે, જેમાં અભિષેક નામનો એન્જિયરીંગ ગ્રેજ્યુએટ છે, જે નોકરીની મર્યાદીત તકોને કારણે ઉત્તર પ્રદેશના ફુલેરા ગામમાં ગ્રામ પંચાયતના સચિવની નોકરી સ્વીકારી લે છે. હવે નવી સીઝનમાં સચિવજી, પ્રધઆનજી, પ્રહલાદ ચા, બનરાકસ સહીતના પાત્રો નવા પડકારોનો સામનો કરતા જોવા મળશે. આ વખતની સીઝનમાં પણ જિતેન્દ્ર કુમાર, નીના ગુપ્તા, રઘુબીર યાદવ, ફૈઝલ મલિક, ચંદન રોય, સાન્વિકા, દુર્ગેશ કુમાર, સુનિતા રાજવાર અને પંકજ જહા સહીતના કલાકારો ફરી તેમના લોકપ્રિય પાત્રોમાં જોવા મળશે.

### જેકી શ્રોફે હાથ જોડીને શોક વ્યક્ત કર્યો

# હું દેશભક્તિ મનોજ કુમાર પાસે શીખ્યોઃ અક્ષય કુમાર

## મનોજ કુમારે એક વખત અક્ષય કુમારની પ્રશંસા કરી હતી, તેમને પડદા પર દેશભક્તિ દર્શાવવામાં પોતાના અનુગામી ગણાવ્યા હતા

સમગ્ર બોલીવુડ પીઢ અભિનેતા મનોજ કુમારના નિધન પર શોક વ્યક્ત કરી રહ્યું છે, જેમાં અક્ષય કુમાર અને કરણ જોહર ખાસ છે.અભિનેતા અક્ષય કુમારે મનોજ કુમારને શ્રદ્ધાંજલિ આપતા કહ્યું કે તેમણે તેમની પાસેથી પોતાના દેશ માટે પ્રેમ અને ગૌરવનું મહત્વ શીખ્યા. મનોજ કુમારે એક વખત અક્ષય કુમારની પ્રશંસા કરી હતી, તેમને પડદા પર દેશભક્તિ દર્શાવવામાં પોતાના અનુગામી ગણાવ્યા હતા."હું તેમની પાસેથી શીખીને મોટો થયો છું કે આપણા દેશ માટે પ્રેમ અને ગૌરવ જેવી કોઈ લાગણી નથી. અને જો આપણે કલાકારો





આ લાગણી દર્શાવવામાં આગેવાની નહીં લઈએ, તો કોણ લેશે? એક ખૂબ જ સારા વ્યક્તિ, અને આપણા ભાઈચારાની સૌથી મોટી સંપત્તિમાંની એક. મનોજ સાહેબ, તમને શ્રદ્ધાંજલિ. ઓમ શાંતિ," અક્ષયે ટ્વિટ કર્યું.દિગ્દર્શક વિવેક રંજન અગ્નિહોત્રીએ તેમની એક ફિલ્મનો એક ફોટો શેર કરતા લખ્યું, "ભારતના પ્રથમ ખરેખર મૌલિક અને પ્રતિબદ્ધ ભારતીય ફિલ્મ નિર્માતા, દાદાસાહેબ ફાળકે પુરસ્કાર વિજેતા મનોજ કુમારજી આજે આપણને છોડીને ચાલ્યા ગયા. એક ગૌરવશાળી રાષ્ટ્રવાદી. હૃદયથી કટ્ટર હિન્દુ. એક સ્વપ્રદ્રષ્ટા દિગ્દર્શક જેમણે ભારતીય સિનેમાને એક નવું વ્યાકરણ આપ્યું - ગીત ચિત્રણ, અર્થપૂર્ણ ગીતો, સિનેમાનું જે ફક્ત મનોરંજન જ નહીં પરંતુ તેના સંબંધને યાદ રાખે છે. તેમણે દેશભક્તિને ઘોંઘાટ વિના સિનેમેટિક બનાવ્યું. તેમણે રાષ્ટ્રવાદને કાવ્યાત્મક બનાવ્યો, માફી માંગ્યા વિના. ઉધાર લીધેલા અવાજો અને સેકન્ડહેન્ડ સૌંદર્ય શાસ્ત્રના સમયમાં, તેમણે મૂળમાં રહેવાની હિંમત કરી. તેમના જેવા દેશભક્તો અને કલાકારો ક્યારેય મરતા નથી. તેઓ ફક્ત સ્મૃતિમાં, સેલ્યુલોઈડમાં, રાષ્ટ્રના ધબકારામાં પાર કરે છેમધુર ભંડારકરે મનોજ કુમાર સાથેની તેમની મુલાકાતોના કેટલાક નોસ્ટાલ્જિક ફોટા શેર કર્યા. તેમણે ભારતીય સિનેમામાં અભિનેતાના અપાર યોગદાનને યાદ કર્યું, તેમની કારકિર્દીને શ્રદ્ધાંજલિ આપી. તેમણે લખ્યું, "મને દિગ્ગજ અભિનેતા અને ફિલ્મ નિર્માતા મનોજ કુમાર સરના નિધનથી દુઃખ થયું છે, મને ઘણી વખત તેમની સાથે વાતચીત કરવાનો લહાવો મળ્યો, અને તેઓ ખરેખર ભારતીય સિનેમાના પ્રતિક હતા. તેમની ફિલ્મોમાં તેમની વાર્તા કહેવાની અને ગીતોની છબીઓએ રાષ્ટ્રીય ગૌરવને પ્રેરણા આપી હતી અને પેઢીઓ સુધી ગુંજતી રહેશે.ફિલ્મ નિર્માતા કરણ જોહરે ઈન્સ્ટાગ્રામ સ્ટોરીઝ પર એક નોંધ પોસ્ટ કરીને શોક વ્યક્ત કર્યો. તેમણે લખ્યું, "આજે આપણે હિન્દી સિનેમાના એક દંતકથાને ગુમાવી દીધી. મનોજ કુમારની યાદ મને બાળપણમાં જોયેલી ક્રાંતિના સ્ક્રીનિંગ પર લઈ ગઈ. હું અન્ય બાળકો સાથે ફ્લોર પર ઉત્સાહથી બેઠો હતો અને ફિલ્મ નિર્માતાઓ, અભિનેતાઓ અને ઉદ્યોગના દિગ્ગજોનો ખીચોખીચ ભરેલો સ્ક્રીનિંગ રૂમ. આ ફિલ્મનો રફ કટ હતો. ૪ કલાક લાંબો વર્ઝન. મનોજજી તેમની ફિલ્મ ખૂબ જ શરૂઆતમાં શેર કરી રહ્યા હતા, પ્રતિસાદ માંગી રહ્યા હતા. તેમના મહત્વાકાંક્ષી મોશન પિક્ચર માટે મંતવ્યો માંગી રહ્યા હતા.આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ઈતિહાસ રચતી ગઈ.

# અમદાવાદ મંડળે ૨૦૨૪-૨૫ માં વિવિધ ક્ષેત્રોમાં મેળવી ઐતિહાસિક સિદ્ધિઓ

। અમદાવાદ, તા.૫ ।

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળે એક વાર ફરી નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન વિવિધ ક્ષેત્રોમાં અત્યાર સુધીનું શ્રેષ્ઠ પ્રદર્શન કરીને પોતાની શ્રેષ્ઠતા સાબિત કરી છે. આ સમયગાળામાં માલ લોડિંગ, માલભાડાની આવક, યાત્રીભાડાની આવક, માળખાગત સુવિધાઓમાં વધારો, યાત્રી સુવિધાઓ વગેરેમાં ઉલ્લેખનીય સિદ્ધિઓ પ્રાપ્ત કરવામાં આવી. આ સફળતાઓ ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી સુધીર કુમાર શર્માના કુશળ નેતૃત્વ અને માર્ગદર્શનમાં શક્ય થઈ છે.

**મુખ્ય નાણાંકીય સિદ્ધિઓ :**

૧. ૨૦૨૪-૨૫ માં અત્યાર સુધીનું સૌથી વધુ ૨૭૧૦.૩ સરેરાશ વેગન/દિવસનું લોડિંગ નોંધાયું છે, જે નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ માં ૨૬૩૭.૦૫ સરેરાશ વેગન/દિવસથી ૨.૭૭% વધારે છે. નાણાંકીય વર્ષ ૨૪-૨૫ માં ૪૬.૭૭૧૩ મિલિયન ટનનું માલ લોડિંગ કરવામાં આવ્યું.

૨. કન્ટેનર લોડિંગની આવક ૨૦૨૪-૨૫ માં રૂ. ૨૨૪૧.૧૪ કરોડ રહી, જ્યારે ૨૦૨૩-૨૪ માં આ રૂ. ૨૧૪૯.૩૮ કરોડ હતી, જેમાં ૪.૨૭% નો વધારો નોંધવામાં આવ્યો.

૩. યાત્રીભાડાની આવક ૨૦૨૪-૨૫ માં રૂ. ૧૬૯૧.૨૬ કરોડ થઈ, ૨૦૨૩-૨૪ માં આ રૂ. ૧૫૬૯.૪૪ કરોડ હતી, જેમાં ૭.૭૬% નો વધારો થયો.

૪. ઓટોમોબાઈલ ફ્રેઈટ ૨૦૨૪-૨૫ માં રૂ. ૨૨૮.૧૭ કરોડ રહ્યું, ૨૦૨૩-૨૪ માં આ રૂ. ૨૦૬.૧૨ કરોડ હતું, જેમાં ૧૦.૭૦% નો વધારો નોંધવામાં આવ્યો.

૫. નૉન ફેર રેવન્યુ (NFR) ૨૦૨૪-૨૫ માં રૂ. ૧૦.૬૮ કરોડ થઈ, ૨૦૨૩-૨૪ માં આ રૂ. ૭.૧૭ કરોડ હતી, જેમાં ૪૮.૯૫% નો વધારો થયો.

૬. પે એન્ડ યુઝની આવક ૨૦૨૪-૨૫ માં રૂ. ૦.૯૮ કરોડ થઈ, ૨૦૨૩-૨૪ માં આ રૂ. ૦.૫૩ કરોડ હતી, જેમાં ૮૪.૯૧% નો વધારો નોંધવામાં આવ્યો.

**મૂળભૂત માળખાના વિકાસઃ**

● ભારતીય રેલવેમાં પ્રથમ વખત, LHS/RUB નું નિર્માણ "બોક્સ પુલિંગ" પદ્ધતિ દ્વારા કરવામાં આવ્યું હતું.

● મહેસાણા-ભિલડી લાઈન પર પુલ નં. ૧૦૦ નું પુનર્વસન કરવામાં આવ્યું અને ૧૦ પુલ ફરીથી બનાવવામાં આવ્યા.

● ૪ નવા ઈંમ અને ૩૧ નવા RUB નું બાંધકામ પૂર્ણ થયું.

● ૩૪ માનવરહિત લેવલ ક્રોસિંગ નાબૂદ કરવામાં આવ્યા.

● ૧૦ સેકશન્સના ૧૫૦.૫૪ કિમી રેલ્વે ટ્રેક પર ગતિ વધારવામાં આવી હતી.

**માલ પરિવહન અને સંરચનાઃ**

● કન્ટેનર લોડિંગમાં ઉલ્લેખનીય વધારો થયો, ૧૪,૦૪૨ રેક, ૬,૩૬,૯૨૩ વેગન અને ૨૧.૭૮ મિલિયન ટન વજન લોડ કરવામાં આવ્યું, જેનાથી રૂ. ૨૨૪૧.૧૪ કરોડની આવક પ્રાપ્ત થઈ.

● ઓટોમોબાઈલ લોડિંગમાં વધારો નોંધવામાં આવ્યો, ૧,૫૮૬ રેક, ૪૧,૫૪૪ વેગન અને ૧.૦૯ મિલિયન ટન વજન લોડ કરવામાં આવ્યું, જેનાથી રૂ. ૨૨૮.૧૭ કરોડની આવક પ્રાપ્ત થઈ.

● મહેસાણામાં 'વિકસિત મહેસાણા કોક્લેવ' આયોજિત કરવામાં આવ્યું, જેનો ઉદ્દેશ આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવાનો હતો.

● સન0ACBસરા, મોથાલા અને નલિયામાં ત્રણ નવા ગુડ્ઝ શેડ ખોલવામાં આવ્યા.

● ઊંઝાથી ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ ભારતીય રેલવેનું પ્રથમ એક્સક્લુસિવ કન્ટેનર રેલવે ટર્મિનલ (ECRT) શરૂ કરવામાં આવ્યું.

● માલીયા મિયાણા ગુડ્ઝ શેડ (MALB) ને ૨૪ માર્ચ ૨૦૨૫ ના રોજ ઈઝઈ તરીકે કમિશન કરવામાં આવ્યું.

● ગાંધીધામ ગુડ્ઝ શેડને ૨૬ માર્ચ ૨૦૨૫ થી CRT (Container Rail Terminal) તરીકે કમિશન કરવામાં આવ્યું.

**યાત્રી સેવાઓ અને ડિજિટલાઇઝેશનઃ**

● ૫ જુલાઈ ૨૦૨૪ ના રોજ રૂ. ૭.૦૪ કરોડની એક દિવસની યાત્રીભાડાની આવક ઉપાર્જિત કરવામાં આવી, આ મંડળનું સવર્શ્રેષ્ઠ પ્રદર્શન છે.

● ૧૨ માર્ચ ૨૦૨૫ ના રોજ ૧.૧૮ લાખ યાત્રીઓએ યાત્રા કરી, જે એક ઐતિહાસિક રેકોર્ડ છે.

● ૨૧ માર્ચ ૨૦૨૫ ના રોજ ભુજ-રાજકોટ વચ્ચે નવી ટ્રેન સેવા શરૂ કરવામાં આવી.

● ડિજિટલ લેવડદેવડમાં અમદાવાદ ડિવિઝન અગ્રણી રહ્યું, જ્યાં PRS ટિકિટોમાં ડિજિટલ લેવડદેવડ ૧૫.૧૭% અને આવક ૨૧.૩૯% થઈ, જ્યારે UTS ટિકિટોમાં ડિજિટલ લેવડદેવડ ૧૯.૩૬% અને આવક ૧૯.૩૨% નોંધવામાં આવી.

● ભુજ-દિલ્લી સરાય રોહિલ્લા સુપરફાસ્ટ એક્સપ્રેસ ૨ ઓગસ્ટ ૨૦૨૪ થી શરૂ કરવામાં આવી.

● ભારતની પહેલી વંદે મેટ્રો ટ્રેન (ભુજ-અમદાવાદ) ને પ્રધાનમંત્રીએ ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૪ ના રોજ લીલી ઝંડી બતાવી.

● ગાંધીનગર સ્ટેશન પર ઊઈ કોડ આધારિત પૂછપરછ સુવિધા વિકસિત કરવામાં આવી.

● UPI ચુકવણી માટે ઊઈ કોડ ડિવાઈસ કાઉન્ટરો પર સ્થાપિત કરવામાં આવ્યા.

**વિશેષ આયોજન અને યાત્રી સુવિધાઓ :**

● કોલ્ડપ્લે કોન્સર્ટ (જાન્યુઆરી ૨૦૨૫) માટે ૯ વિશેષ ટ્રેનો ચલાવવામાં આવી, જેનાથી રૂ. ૧.૨૧ કરોડની આવક (Earnings) પ્રાપ્ત થઈ.

● મહાકુંભ મેળા (જાન્યુઆરી-ફેબ્રુઆરી ૨૦૨૫) માટે ૨૩ વિશેષ ટ્રેનો સંચાલિત કરવામાં આવ્યા, જેનાથી રૂ. ૩.૪૩ કરોડની આવક (Earnings) પ્રાપ્ત થઈ.

● ૧,૦૮૬ વધારાના કોચ જોડવામાં આવ્યા, જેનાથી ૭૦,૩૩૭ યાત્રીઓને કન્ફર્મ બર્થ મળી અને રૂ. ૫.૭૪ કરોડની આવક (Earnings) ઉપાર્જિત થઈ.

● ૩૯૫ વિશેષ ટ્રેનો દ્વારા ૩.૭૭ લાખ યાત્રીઓએ યાત્રા કરી, જેનાથી રૂ. ૩૩.૯૧ કરોડની આવક (Earnings) પ્રાપ્ત થઈ.

**અન્ય મુખ્ય સિદ્ધિઓ :**

● વટવા સ્ટેશન પર ૨૦ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ નવી બુકિંગ ઓફિસ અને UTS વિંડો સ્થાપિત કરવામાં આવી.

● ૬ સ્ટેશનો પર કુલ 10 ATVM (ઓટોમેટિક ટિકિટ વેન્ડિંગ મશીન) લગાવવામાં આવ્યા.

● ભુજ સ્ટેશન પર ૨૨ માર્ચ ૨૦૨૫ ના રોજ ATVM ની સ્થાપના કરવામાં આવી.

● ટિકિટ ચેકિંગ અભિયાન દરમિયાન રૂ. ૨૧.૬૮ કરોડનો દંડ વસૂલવામાં આવ્યો.

● સ્વચ્છતા અભિયાન હેઠળ રૂ. ૪.૪૨ લાખનો દંડ વસૂલવામાં આવ્યો.

● રેલવે કોચ રેસ્ટોરન્ટ અને કોમર્શિયલ કિયોસ્ક માટે NFR કોન્ટ્રાક્ટ કરવામાં આવ્યા, જેમાં આંબલી રોડ સ્ટેશન માટે રૂ. ૨.૪૮ કરોડ અને ગાંધીધામ સ્ટેશન માટે રૂ. ૩.૪૩ કરોડ (૧૦ વર્ષ માટે)ના કોન્ટ્રાક્ટ સામેલ છે.

● સાબરમતી, મહેસાણા, ભુજ, ગાંધીધામ અને પાલનપુર સ્ટેશનોને FSSAI દ્વારા "ઈટ રાઈટ સ્ટેશન" પ્રમાણપત્ર પ્રાપ્ત થયું.

● પાલનપુર અને ચાંદલોડિયા સ્ટેશનો પર પ્રધાનમંત્રી ભારતીય જનઔષધી કેન્દ્રના કોન્ટ્રાક્ટ કરવામાં આવ્યા.

● પ્લાસ્ટિક બોટલ ક્રશિંગ મશીન માટે ત્રણ નવા ૫-વર્ષના કોન્ટ્રાક્ટ કરવામાં આવ્યા, જેમાં અમદાવાદ માટે રૂા. ૦.૧૨ કરોડ/વર્ષ, સાબરમતી માટે રૂા.૦.૧૦ કરોડ/વર્ષ અને ગાંધીધામ માટે રૂા.૦.૦૭ કરોડ/વર્ષના કોન્ટ્રાક્ટ સામેલ છે.

અમદાવાદ મંડળની આ સિદ્ધિઓ માનનીય પ્રધાનમંત્રીના "વિકસિત ભારત @2047" વિઝનને સાકાર કરવામાં મહત્વપૂર્ણ ફાળો આપશે.

# પમ્બન બ્રિજમાં દેખાય છે દેશની ઊંચાઈ



**કે અન્નામલાઈ**
અધ્યક્ષ, ભાજપા તમિલનાડુ અને ભારતીય પોલીસ સેવાના નિવૃત્ત અધિકારી

। અમદાવાદ, તા.૫ ।

જ્યારે દેશનું નેતૃત્વ મજબૂત હોય છે અને નવી દ્રષ્ટીથી કામ કરે છે તો નવા વિક્રમો સર્જાય છે. એવી સંરચનાઓ તૈયાર થાય છે, જેના પર દેશ ગર્વ કરે, જેને જોઈને દરેક નાગરિક પોતાની છાતી ફુલાવી લે અને રાષ્ટ્રની પ્રગતિ માટે પોતાનું સવર્શ્રેષ્ઠ અર્પણ કરવા માટે પ્રેરિત થાય. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના રૂપમાં દેશને એક એવું જ શક્તિશાળી અને દૂરંદેશી નેતૃત્વ પ્રાપ્ત થયું છે. વિતેલા ૧૦ વર્ષોમાં રાષ્ટ્રે અનેક નવા સોપાન સર કર્યા છે. દેશની જીવન રેખા ભારતીય રેલવેએ પણ આ સમયગાળા દરમિયાન નવા ઉદાહરણ રચ્યા છે. વંદે ભારત, અમૃત ભારત અને નમો ભારતની ત્રિવેણીથી દેશની ટ્રેનોને એક નવું વિકસિત પરિમાણ પ્રાપ્ત થયું છે. કાશ્મીર સુધી સીધી ટ્રેન ચલાવવા માટે ચિનાબ અને અંજી બ્રિજોના નિર્માણથી દેશનું મસ્તક ઊંચુ થયું છે. આ જ ક્રમમાં દક્ષિણમાં રામેશ્વરમને દેશની મુખ્ય ભૂમિથી જોડવા માટે બનાવવામાં આવેલા નવા પમ્બન બ્રિજથી દેશના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નવી ઓળખ મળી છે.

મૂળભૂત સંરચનાઓની મજબૂતી માટે બનાવવામાં આવી રહેલી મોટી પરિયોજનાના સફળતાપૂર્વક પૂર્ણ થવાથી આ બાબત પુરવાર થઈ ગઈ છે કે દેશના વિકાસનો પ્રવાહ અને તેની ગતિ સાચી દિશામાં છે. દરિયાઈ લહેરોના પડકારને પાર કરતાં પુલનું બાંધકામ કરવું એક મુશ્કેલ કામ માનવામાં આવે છે. આ પ્રકારના કામના સંપાદન માટે સામાન્ય રીતે દાયકાઓ લાગી જાય છે જેનાથી પરિયોજનાનો ખર્ચ કેટલાય ગણો વધી જાય છે. પરંતુ વડાપ્રધાનના સ્પષ્ટ દ્રષ્ટિકોણ કે જે પરિયોજનાનો તેઓ શિલાન્યાસ કરશે, તેનું ઉદ્ઘાટન પણ તેમના દ્વારા જ થશે તેણે દેશની બ્યુરોક્રેસી અને ટેકનોક્રેસીને યોજનાઓ સમયસર પૂર્ણ કરવા માટે પ્રેરિત કર્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પમ્બન પુલનો શિલાન્યાસ ૨૦૧૯ માં કર્યો હતો. ૫ વર્ષોના સમયગાળામાં રામેશ્વરમ અને ભારતની મુખ્ય ભૂમિ વચ્ચે સમુદ્રની ઉપર નવો પુલ બનીને તૈયાર થઈ ગયો અને હવે નરેન્દ્ર મોદી જ આ પુલનું ઉદઘાટન કરવા જઈ રહ્યા છે. તેનાથી સમગ્ર દેશમાં ઉત્સાહ છે. ૨.૦૮ કિલોમીટર લાંબો આ પુલ કેટલીય બાબતોમાં વિશેષ છે. આ પુલમાં ૧૮.૩ મીટરના ૯૯ સ્પાન અને ૭૨.૫ મીટરનો એક વર્ટિકલ લિફ્ટ સ્પાન છે. આ જૂના પુલની સરખામણીમાં ત્રણ મીટર ઊંચો છે, જેનાથી મોટા વહાણને પસાર થવામાં સરળતા રહેશે. આના સબ-સ્ટ્રક્ચરમાં ૩૩૩ પાઈલ્સ છે અને આની સંરચના એવી રીતે તૈયાર કરવામાં આવી છે કે વર્ષો સુધી રેલવે અને સમુદ્રી સંચાલન સુરક્ષિત રીતે થતું રહે. આ પુલમાં એન્ટી કોરોઝન ટેકનીકનો ઉપયોગ કરવામાં આવ્યો છે. પૉલીસિલાક્સાસિન પેઈન્ટ, આધુનિક પ્રકારનું સ્ટેનલેસ સ્ટીલ અને ફાઈબર રિઈન્ફોર્સ પ્લાસ્ટિકના ઉપયોગથી પુલને એવી મજબૂતી મળી છે કે આ લાંબા સમય સુધી ટકાઉ રહેશે.

પમ્બન પુલના નિર્માણથી ભારતની ડિઝાઈન અને સર્ટિફેકશનમાં ટેકનિકલ શ્રેષ્ઠતા પુરવાર થઈ છે. આખું વિશ્વ જાણી ગયું છે કે આઈટીઆઈ ચેન્નાઈ અને આઈટીઆઈ મુંબઈ જેવી સંસ્થાઓ સમુદ્રી પુલની ડિઝાઈનનું પડકારજનક કામ ત્વરિતતા સાથે કરવામાં સક્ષમ છે. રામેશ્વરમ ટાપુ ભારતના સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વારસાનો અભિન્ન ભાગ છે. શ્રી રામેશ્વરમ લિંગની સ્થાપના રામાયણ કાળમાં પ્રભુ શ્રી રામ દ્વારા કરવામાં આવી હતી. માતા સીતાની શોધમાં લંકા જવાના માર્ગમાં પ્રભુ શ્રી રામ રામેશ્વરમાં રોકાયા અને પછી સમુદ્ર પર પુલ બનાવતાં પહેલાં ભગવાન શિવની આરાધના કરી. શ્રી રામેશ્વરમ સ્થિત શિવલિંગ અને શ્રી રામેશ્વરમ મંદિરથી કરોડો ભારતીયોની શ્રદ્ધા જોડાયેલી છે. દરેક વર્ષે લાખો લોકો પ્રભુના દર્શન માટે રામેશ્વરમ જાય છે. નવા પમ્બન પુલના નિર્માણની સાથે જ ફરી સમગ્ર દેશથી રામેશ્વરમની સીધી રેલવે કનેક્ટિવિટી સ્થાપિત થઈ ગઈ છે જેનાથી રામેશ્વરમ જનારા તીર્થ યાત્રીઓને ઘણો લાભ થશે. આનાથી રામેશ્વરમની આર્થિક પ્રવૃત્તિઓમાં વૃદ્ધિ થશે અને સ્થાનિક લોકો માટે રોજગારના નવા અવસરોનું સર્જન થશે.

હકીકતમાં, ભારતની પ્રગતિ, નવીનતા અને વારસાનું એકસાથે પ્રતિનિધિત્વ કરનાર નવો પમ્બન બ્રિજ દેશના એન્જિનિયરિંગ કૌશલ્ય અને મજબૂત નેતૃત્વનું પ્રતિનિધિ પણ બની ગયો છે.

# ઝાલોદ મુવાડા રામજી મંદિર ખાતે અખંડ રામાયણ પાઠનું પારાયણ કરવામાં આવ્યું



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૫ ।

ઝાલોદ રામજી મંદિર ખાતે પટેલ સમાજ દ્વારા દરેક ધાર્મિક કાર્યક્રમો અતિ ઉમંગ અને શ્રદ્ધાભેર કરવામાં આવતા હોય છે તેમજ મંદિરના દરેક ધાર્મિક તેમજ સામાજિક કાર્યક્રમો સમાજની સર્વ સંમતિ થી થતા હોઈ મોટા પ્રમાણમાં પટેલ સમાજના લોકોની ઉપસ્થિતિ રહેતી હોય છે.



મુવાડા રામજી મંદિર ખાતે પટેલ સમાજની બહેનો દ્વારા અખંડ રામાયણ પાઠનું પારાયણ રામનવમી નિમિતે યોજવામાં આવ્યું હતું ચૈત્ર સુદ એકમથી દરરોજ સવારના અગ્યાર વાગ્યાથી સાંજના પાંચ વાગ્યા સુધી અખંડ રામાયણ પાઠનુ પારાયણ પટેલ સમાજની મહિલાઓ દ્વારા કરવામાં આવતું હતું જેની પૂર્ણાહુતિ આજરોજ ૦૫-૦૪-૨૦૨૫ ના રોજ બપોરે ૧ વાગે કરવામાં આવી હતી. મુવાડા સમાજની મહિલાઓ દ્વારા વર્ષોથી રામનવમી નિમિતે અખંડ રામાયણ પારાયણનુ આયોજન કરવામાં આવતું હોય છે જેમાં મોટા પ્રમાણમાં પટેલ સમાજની બહેનો શ્રદ્ધાભેર ભાગ લેતા હોય છે.

# ઝાલોદ નગરમાં મહાકાળી મંદિર અને ખોડિયાર માતા મંદિરે નવરાત્રીની આઠમ નિમિતે હવન પૂજા કરવામાં આવી



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૫ ।

ઝાલોદ નગરમાં આસ્થા, શ્રદ્ધા અને વિશ્વાસના પ્રતિક એવા મહાકાળી માતાજીનું મંદિર અને ખોડિયાર માતાજીનું મંદિર. નગરમા ભગવાનમાં અતૂટ આસ્થા ધરાવનાર ધાર્મિક પ્રવૃત્તિના ભક્તોના કહેવા મુજબ આ બંને મંદિરોમાં મહાકાળી માતા અને ખોડીયાર માતા સાક્ષાત બિરાજે છે તેમજ અહીં દર્શન કરવા માત્ર થી ભક્તોની દરેક મનોકામના માતાજી પૂર્ણ કરે છે.

હાલ નગરમાં હિન્દુ નવ વર્ષ તેમજ માતાજીના પવિત્ર નવરાત્રી ચાલી રહેલ છે. આ બંને મંદિરોમાં નગરના ભક્તો નવરાત્રી નિમિતે નિયમિત દર્શન કરવા જતા હોય છે. આજે નવરાત્રીની આઠમના દિવસે નગરમા ધાર્મિક વિચારધારા ધરાવનાર મોટા ભાગના ઘરોમાં અષ્ટમી પૂજન અને કન્યા પૂજન કરી નાની નાની દેવી સ્વરૂપ કહેવાતી કન્યાઓની



પૂજા કરી પ્રસાદી પણ ખવડાવવામા આવે છે.

આજરોજ અષ્ટમી નિમિતે મહાકાળી મંદિર અને ખોડિયાર માતાના મંદિરે હવન પૂજા કરવામાં આવી હતી તેમજ સાંજે છ કલાકે શ્રીફળ હોમી પૂજા આરતી કરવામાં આવી હતી.આજરોજ માતાની અષ્ટમી nimite હવન કુંડ અને માતાના દર્શન કરવા નગરના ભક્તોનું ઘોડાપુર દર્શનાર્થે ઉમટયુ હતું.

# નિકોલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે રાજયકક્ષા બોક્સિંગ સ્પર્ધા યોજાઈ

। (માહિતી) અમદાવાદ, તા.૫ ।


અમદાવાદના નિકોલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત રાજયકક્ષા બોક્સિંગ સ્પર્ધા યોજાઈ હતી. રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી વિજેતા થઈને રાજયકક્ષા સુધી પહોંચેલા બોક્સિંગ ખેલાડીઓએ ઉત્સાહભેર સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો.

અં-૧૪ વયજૂથમાં ભાઈઓની સ્પર્ધામાં ૫ ગોલ્ડ મેડલ સાથે ડી.એલ.એસ.એસ. બનાસકાંઠા, અં-૧૭ વયજૂથમાં ભાઈઓની સ્પર્ધામાં ૮ ગોલ્ડ મેડલ સાથે એસ.એ.જી. એકેડમી અને અં-૧૭ વયજૂથમાં બહેનોની સ્પર્ધામાં ૪ ગોલ્ડ મેડલ સાથે ડી.એલ.એસ.એસ. બનાસકાંઠા ઓવરઓલ મેડલ સાથે વિજેતા થયા હતા. વિજેતા થયેલા ખેલાડીઓને રાજય સરકાર દ્વારા મેડલ તેમજ પ્રોત્સાહનરૂપે ઈનામી રાશી એનાયત કરવામાં આવી હતી.

વ્યક્તિગત ઈવેન્ટમાં પ્રથમ દ્વીતીય અને તૃતીય વિજેતા ખેલાડીઓને અમદાવાદ મહાનગરપાલિકાના ભૂતપૂર્વ મેયરશ્રી તેમજ હાલના મ્યુનિસિપલ કાઉન્સીલર શ્રી કિરીટભાઈ પરમાર દ્વારા મેડલ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગની સ્વાયત્ત સંસ્થા સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા યોજાઈ રહેલા ખેલમહાકુંભ ૩.૦ અંતર્ગત જિલ્લા રમત વિકાસ અધિકારી અમદાવાદ અને જિલ્લા રમતગમત અધિકારી અમદાવાદ શહેરની કચેરી દ્વારા આ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજે તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. આજ ના દિવસે તમે ઘરે થી ઘણી સકારાત્મકતા સાથે નીકળશો પરંતુ કોઈ મોંઘી વસ્તુ ના ચોરી થવા થી તમારું મૂડ ખરાબ થયી શકે છે. તમારી મોહિની તથા વ્યક્તિત્વ તમને નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. તમારા પ્રેમ જીવનની બાબતમાં આજનો દિવસ અકલ્પ્ય છે.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારૂં વ્યક્તિત્વ અત્તરની જેવું કામ કરશે. જો તમે યાત્રા પર જવાવાળા હો તો પોતાના કિંમતી સમાન નું ધ્યાન રાખો કેમકે ચોરી થવા ની શક્યતા છે, ખાસ કરીને પર્સ નું ધ્યાન રાખો. તમારો વિનોદી સ્વભાવ તમને સામાજિક મેળાવડાઓમાં લોકપ્રિય બનાવશે. તમે દરકાર કરનાર તથા સમજુ મિત્રને મળશો. આજે તમારી નજીક ના લોકો તમારી નજીક આવવા નો પ્રયત્ન કરશે.



**મિથુન (ક,છ,ઘ) :**

આજે ગર્ભવતી સ્ત્રીઓ જમીન પર ચાલતી વખતે ખાસ દરકાર રાખે કેમ કે તે તમારા ભાવિ બાળક માટે જોખમી પુરવાર થઈ શકે છે. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. પાડોશી સાથેનો ઝઘડો તમારો મૂડ બગાડી નાખશે. પણ તમારો મિજાજ ગુમાવતા નહીં કારણ કે આ બાબત બળતામાં ઘી ઉમેરશે.




**કર્ક (ડ,હ) :**

આજે તમારામાં ઊર્જાની વિપુલતા હશે પણ કામનું દબાણ તમને બેચેન કરી નાખે એવું જણાય છે. તમારું કોઈ મિત્ર આજે તમારા થી મોટી રકમ ઉધાર માંગી શકે છે, જો તમે તેને આ રકમ આપો છો તો તમે નાણાકીય સંકટ માં આવી શકો છો. પારિવારિક જવાબદારીઓ પર તાકીદે ધ્યાન આપવાની જરૂર છે. તમારા તરફથી બેદરકારી મોંઘી સાબિત થઈ શકે છે.



**સિંહ (મ,ટ) :**

આજનો દિવસ એવો દિવસ છે જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. તમે જેને ઓળખો છો એવી કોઈ વ્યક્તિ આર્થિક બાબતને લઈને વધુ પડતી પ્રતિક્રિયા આપશે, જેને કારણે ઘરમાં બેચેનીનું વાતાવરણ જામશે.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજે તમને વધુ સારા બનાવતા તમારી સુધારણાને લગતા પ્રૉજેક્ટ્સમાં શક્તિ લગાડો. થોડા વધુ નાણાં બનાવવા માટે તમારા નાવિન્યસભર વિચારોનો ઉપયોગ કરો. તમે ધાર્મિક સ્થળ અથવા કોઈક સબંધીની મુલાકાત લો એવી શક્યતા જોવાય છે. આજે તમારે તમારૂં શ્રેષ્ઠ વર્તન દાખવવું જોઈએ-કારણ કે આજે તમારા પ્રેમી-પ્રેમિકા આગાહી ન કરી યસક્યા એવા મૂડમાં હશે.



**તુલા (ર,ત) :**

આજે તમારા આત્મવિશ્વાસ અને ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. ધન તમારા માટે જરૂરી છે પરંતુ ધન ને લઈ ને એટલું ગંભીર પણ ના થયી જાઓ કે તે તમારા સંબંધો બગાડી દે. પરિવારના સભ્યોની મદદ તમારી જરૂરિયાતોનું ધ્યાન રાખશે. તમારે તમારૂં શ્રેષ્ઠ વર્તન દાખવવું જોઈએ-કેમ કે આજે તમારૂં પ્રિયપાત્ર જલ્દીથી નારાજ થઈ જશે.



**વૃશ્ચિક (ન,ય) :**

આજે હવાઈ કિલ્લા રચવામાં તમારો સમય વેડફશો નહીં. એના કરતાં કશું અર્થપૂર્ણ કરવા માટે તમારી શક્તિ બચાવો. આજે તમારે તમારા તે સંબંધીઓ ને ઉધાર ના આપવું જોઈએ જેમને અત્યાર સુધી જૂનું ઉધાર પાછું નથી કર્યું? આજે તમને લાભ થશે-કેમ કે પરિવારના સભ્યો તમને હકારાત્મક રીતે પ્રતિસાદ આપશે. તમારો પ્રેમ અસ્વીકારને આમંત્રમ આપશે.



**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમારા જીવનસાથીનો પ્રેમાળ મિજાજ તમારો દિવસ ઉલ્લાસભર્યો બનાવશે. ઝડપથી નાણાં કમાઈ લેવાની ઈચ્છા તમે ધરાવશો. તમારા પ્રિયપાત્ર સાથે દલીલો સર્જી શકે એવા વિવાદાસ્પદ મુદ્દાઓને છેડવાનું ટાળવું જોઈએ. આજે તમારા હૃદયના ધબકારા તમારા પ્રિયપાત્રવા લય સાથે તાલ મેળવશે અને પ્રેમનું સંગીત રેલાવશે.



**મકર (ખ,જ) :**

આજના દિવસે લાંબા ગાળાની માંદગીથી તમને મુક્તિ મળે એવી શક્યતા છે. ધન ના મહત્વ ને તમે ઘણી સારી રીતે સમજો છો તેથી આજ ના દિવસે તમારા વડે બચાવેલું ધન તમારા ઘણું કામ આવી શકે છે અને તમે કોઈ મોટી મુશ્કેલી માં થી બહાર આવી શકો છો? તબિયત સારી ન હોય એવા સંબંધીની મુલાકાત લેજો. રોમાન્સને આજે ઓછું મહત્વ મળે એવું લાગે છે.



**કુંભ (ગ,શ,સ) :**

આજે વ્યસ્તતા હોવા છતાં તમારું સ્વાસ્થ્ય સારૂં રહેશે. આજ ના દિવસે તમે ધન સંબંધી સમસ્યા ને કારણે પરેશાન રહી શકો છો. આના માટે તમારે પોતાના કોઈ વિશ્વાસ પાત્ર ની સલાહ લેવી જોઈએ? મિત્રો તમારો દિવસ ઝળહળતો કરી મુકશે કેમ કે તેઓ સાંજ માટે કશુંક ઉત્સાહજનક કરશે. માત્ર સ્પષ્ટ સમજદારીથી તમે તમારી પત્નીને લાગણીશીલ ટેકો આપી શકશો.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજે ધ્યાન રાહત લાવશે. ચંદ્ર ની સ્થિત ને લીધે તમારું ધન બિનજરૂરી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે. જો તમારે ધન સંચિત કરી ને રાખવું છે તો પોતાના જીવનસાથી અથવા માતા પિતા સાથે આના વિષે ચર્ચા કરો. લાંબા સમયથી જેના સંપર્કમાં ન હો એવા લોકો તથા સંબંધોને ફરી તાજા કરવા માટે સારો દિવસ. તમે જો મિત્રો સાથે સાંજ બહાર જશો તો ઈન્સ્ટન્ટ રોમાન્સ તમારી તરફ આવી શકે છે.

જસ્ટિસ વર્મા કોઈ કામ નહીં કરી શકે

# જસ્ટિસ યશવંત વર્માએ અલ્લાહાબાદ હાઈકોર્ટના જજ તરીકે શપથ લીધા



## કેશ કૌભાંડ કેસની તપાસ પૂરી નહિ થાય ત્યાં સુધી જસ્ટિસ યશવંત વર્મા નહી કરી શકે ન્યાયિક કાર્ય

। (એજન્સી) અલ્લાહાબાદ, તા.૫ ।

કેશ કૌભાંડના આરોપોથી ઘેરાયેલા જસ્ટિસ યશવંત વર્માએ અલ્હાબાદ હાઈકોર્ટમાં જજ તરીકે શપથ લીધા છે. અલ્હાબાદ હાઈકોર્ટના ચીફ જસ્ટિસ અરુણ ભણસાલીએ યશવંત વર્માને શપથ લેવડાવ્યા હતા. જજોની શપથવિધિ સામાન્ય રીતે ચીફ જસ્ટિસ કોર્ટ રૂમમાં થાય છે, જેમાં હાઈકોર્ટના તમામ ન્યાયાધીશો અને વરિષ્ઠ વકીલોને આમંત્રિત કરવામાં આવે છે. જોકે વિવાદોના કારણે જસ્ટિસ યશવંત વર્માએ ચીફ જસ્ટિસની ચેમ્બરમાં જ શપથ લીધા છે. કેશ કૌભાંડના આરોપોથી ઘેરાયા બાદ સુપ્રીમ કોર્ટના કોલેજિયમે જસ્ટિસ યશવંત વર્માને અલ્હાબાદ હાઈકોર્ટમાં ટ્રાન્સફર કરવાની ભલામણ કરી હતી. કેન્દ્ર સરકારે ૨૮ માર્ચે કોલેજિયમની ભલામણને મંજૂરી આપી હતી. જસ્ટિસ યશવંત વર્માએ શનિવાર, ૫ એપ્રિલના રોજ અલ્હાબાદ હાઈકોર્ટના ન્યાયાધીશ તરીકે શપથ લીધા હતા. જો કે જ્યાં સુધી કેશ કૌભાંડ કેસની તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી તેમને કોઈ ન્યાયિક કાર્ય સોંપવામાં આવશે નહીં. આ પગલું સુપ્રીમ કોર્ટના નિર્દેશ પર લેવામાં આવ્યું છે. ગયા અઠવાડિયે, સુપ્રીમ કોર્ટે અલ્હાબાદ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશને આ મામલે નિર્દેશ આપ્યો હતો.



નોટ રિકવરી કેસમાં ફસાયા બાદ જસ્ટિસ યશવંત વર્માની દિલ્હી હાઈકોર્ટમાંથી બદલી કરવામાં આવી છે. ગયા મહિને હોળીના તહેવાર પર જસ્ટિસ વર્માના દિલ્હીના આવાસના બહારના ભાગમાં આગ લાગી હતી.

આગ ઓલવવા ગયેલા ફાયર બ્રિગેડ દ્વારા ચલણી નોટનો મુદ્દામાલ બહાર આવ્યો હતો. આનો એક વીડિયો પણ વાઈરલ થયો હતો. આ પછી જસ્ટિસ વર્મા પર ભ્રષ્ટાચારનો આરોપ લાગ્યો હતો. જો કે, ન્યાયાધીશે આરોપોને નકારી કાઢ્યા અને તેમાં પોતાને ફસાવવાનું કાવતરું ગણાવ્યું. ત્યારબાદ, ચીફ જસ્ટિસએ ૨૨ માર્ચે આંતરિક તપાસ શરૂ કરી અને જસ્ટિસ વર્મા સામેના આરોપોની તપાસ કરવા માટે ત્રણ હાઈકોર્ટના ન્યાયાધીશોની એક પેનલની રચના પણ કરી. દરમિયાન, કોલેજિયમે જસ્ટિસ વર્માને તેમના વતન અલ્હાબાદ હાઈકોર્ટમાં મોકલવાની ભલામણ કરી હતી.

ન્યૂઝ બ્રિફ

### રમકડાની પિસ્તોલ લઈને રૌફ જમાવતો નકલી પોલીસ ઝડપાયો

। (એજન્સી) લખનૌ, તા.૫ ।

ઉત્તર પ્રદેશના બલિયા જિલ્લાના નગરા પોલીસ સ્ટેશનમાં એક નકલી કોન્સ્ટેબલની ધરપકડ થઈ. આરોપી અમિત કુમાર યાદવ ગૌરા મદનપુરાનો રહેવાસી છે. તે લોકોની વચ્ચે જઈને પોલીસ કોન્સ્ટેબલ હોવાનો રૌફ જમાવતો હતો. નગરા પોલી સ્ટેશને આરોપીને ફાયર સ્ટેશન નજીકથી ઝડપી પાડ્યો છે. તલાશીમાં તેની પાસેથી નકલી યૂપી પોલીસ સબ ઈંસ્પેક્ટરનું આઈડી કાર્ડ અને વરદીમાં નકલી ફોટો મળ્યા. ત્યાર બાદ એક ગ્લોક પિસ્તોલ, ૩૧૫ બોર તમંચો અને એક જીવતો કારતૂસ અને એક ખોખા કારતૂસ જપ્ત કર્યા. પોલીસે તેની સફેદ કાર પણ જપ્ત કરી છે. સાથે જ છ એટીએમ કાર્ડ પણ જપ્ત કર્યા છે. પૂછપરછમાં આરોપીએ જણાવ્યું કે, તે નકલી ઓળખ પત્ર અને વરદીનો ઉપયોગ કરી પોતાનો ફાયદો કરતો હતો. પોલીસ રેકોર્ડથી જાણવા મળે છે કે, આરોપી વિરુદ્ધ લખનઉની કોર્ટમાં એનબીડબ્લ્યૂ જાહેર કર્યું છે. આ મામલો ગાજીપુર પોલીસ સ્ટેશન લખનઉમાં નોંધાયેલ એનઆઈ એક્ટની કલમ ૧૩૮ સાથે જોડાયેલું છે. બલિયાના પોલીસ અધિક્ષક ઓમવીર સિંહે જણાવ્યું હતું કે આરોપીઓ વિરુદ્ધ નાગરા પોલીસ સ્ટેશનમાં બીએનએસ અને આર્મ્સ એક્ટની કલમ ૩/૨૫ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે.

### પંતને ધીમી ઓવર રેટ માટે ૧૨ લાખનો દંડ ફટાકારાયો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

મુંબઈ ઈન્ડિયન્સનો લખનૌ સુપર જાયન્ટ્સ સામે ૧૨ રને પરાજય થયો હતો. આ મેચમાં પ્રથમ બેટિંગ કરતા લખનૌની ટીમે ૨૦૩ રન બનાવ્યા હતા. જવાબમાં મુંબઈની ટીમ ૧૯૧ રન જ બનાવી શકી હતી. લખનૌની ટીમે મેચ જીતી હોવા છતાં IPL સમિતિએ તેના બે ખેલાડીઓ પર દંડ ફટકાર્યો છે. લખનઉ સુપર જાયન્ટ્સના કેપ્ટન રિષભ પંતને શુક્રવારે મુંબઈ ઈન્ડિયન્સ સામે IPL મેચ દરમિયાન ધીમી ઓવર રેટ માટે ૧૨ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. કોઈપણ બોલિંગ ટીમ માટે ૨૦ ઓવર પૂરી કરવાનો નિર્ધારિત સમય ૯૦ મિનિટ છે. લખનૌની ટીમ નિર્ધારિત સમય કરતાં એક ઓવર પાછળ ચાલી રહી હતી. આ કારણે તેને છેલ્લી ઓવરમાં એક ફિલ્ડરને ૩૦ યાર્ડની બહાર રાખવાની ફરજ પડી હતી. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)ની અખબારી યાદીમાં કહેવામાં આવ્યું છે કે, 'ધીમા ઓવર રેટને લગતી IPL કોડ ઓફ કન્ડક્ટની કલમ ૨.૨૨ હેઠળ સીઝનનો આ તેની ટીમનો પ્રથમ ગુનો હતો, તેથી રિષભ પંતને ૧૨ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો.' આ દરમિયાન લખનૌના સ્પિનર દિગ્વેશ રાઠીને IPL કોડ ઓફ કન્ડક્ટના લેવલ ૧નું ઉલ્લંઘન કરવા બદલ સતત બીજી વખત તેની મેચ ફીના ૫૦ ટકા દંડ ફટકારવામાં આવ્યો છે. પંજાબ કિંગ્સ સામે સૌથી વધુ વિકેટ લીધા બાદ સેલિબ્રેશન કરવા માટે રાઠીએ તેની અડધી મેચ ફી પણ ચૂકવવી પડી હતી. મુંબઈના બેટ્સમેન નમન ધીરને આઉટ કર્યા બાદ તેણે ફરીથી નોટબુક સેલિબ્રેશન કર્યું હતું.

શિવસેના વધુ આક્રમક

## ત્રણ સમન્સ છતાં મુંબઈ પોલીસ સામે હાજર ન થયો કોમેડિયન કુણાલ કામરા

### વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડોએ એક્સ પર પોસ્ટ કરીને કહ્યું કે અમે કેનેડામાં વિદેશી કામદારોની સંખ્યામાં ઘટાડો કરવાના છીએ

। (એજન્સી) મુંબઈ, તા.૫ ।

સ્ટેન્ડ-અપ કોમેડિયન કુણાલ કામરાએ મહારાષ્ટ્રના ડેપ્યુટી સીએમ એકનાથ શિંદે પર કરેલી ટિપ્પણી બાદ ભારે હંગામો થયો હતો. વિવાદિત ટિપ્પણી બાદ આ મામલે નોંધાયેલ કેસમાં શનિવારે મુંબઈ પોલીસ સમક્ષ હાજર થયો ન હતો. એક અધિકારીએ આ અંગે માહિતી આપતા કહ્યું કે, આ સતત ત્રીજી વખત છે કે, જ્યારે કામરાને સમન આપ્યા બાદ પણ મુંબઈ પોલીસ સમક્ષ હાજર નથી થયો. ખાર પોલીસે એક



કાર્યક્રમમાં દરમિયાન ડેપ્યુટી સીએમ વિરુદ્ધ કથિત રીતે અપમાનજનક ટિપ્પણી કરવા પર શિવસેનાના ધારાસભ્ય મુરજી પટેલની ફરિયાદના આધારે કામરા સામે કેસ દાખલ કર્યો છે. કામરાએ પોતાના એક કાર્યક્રમમાં એક પૈરોડી ગાઈ હતી, જેમાં શિવસેનામાં ભાગલાને લઈને શિંદે પર કટાક્ષ કર્યો હતો. આ કાર્યક્રમ મુંબઈના ખાર હોટલમાં આવેલા સ્ટૂડિયોમાં યોજાયો હતો. અહીં શિવસેનાના કાર્યકર્તાઓએ ૨૩ માર્ચના રોજ સ્ટૂડિયો અને એ હોટલમાં તોડફોડ કરી હતી. અધિકારીઓએ જણાવ્યું કે, મુંબઈ પોલીસે કામરાને ત્રીજી વખત સમન પાઠવીને ૫ એપ્રિલના રોજ હાજર થવા કહ્યું હતું. બીજા સમન્સ પર હાજર ન થતાં ખાર પોલીસની એક ટીમ આ અઠવાડિયાની શરૂઆતમાં માહિમ સ્થિત કામરાના નિવાસસ્થાને પહોંચી હતી.

અમેરિકામાં શિક્ષણ, આરોગ્ય પછી સૈનિકોની સંખ્યામાં કાપ મુકાશે

## ખર્ચ ઘટાડવા ડોનાલ્ડ ટ્રમ્પની ૯૦,૦૦૦ જેટલા સૈનિકોની છટણીની યોજના

### ટ્રમ્પે સરકારી ખર્ચાઓ ઓછા કરવા માટે ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિઅન્સી એટલે ડીઓજીઈની રચના કરી હતી

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૫ ।

અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પ બીજી વાર પ્રમુખ બન્યા પછી કેટલાક આકરા નિર્ણયો લઈ રહ્યા છે. આ અંતર્ગત સરકારના કેટલાક વિભાગો બંધ કરવા અને ફેડરલ કર્મચારીઓને છૂટા કરવાની બાબત સામેલ છે. ટ્રમ્પે સરકારી ખર્ચાઓ ઓછા કરવા માટ ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિઅન્સી એટલે ડીઓજીઈની રચના કરી હતી. યુએસએઆઈડી, શિક્ષણ વિભાગ અને આરોગ્ય જેવા વિભાગોના હજારો કર્મચારીઓને છૂટા



કર્યા પછી હવે ટ્રમ્પ સરકાર અમેરિકાની સેનામાંથી પણ સૈનિકોની સંખ્યા ઘટાડવાની યોજના બનાવી રહી છે. એક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે અમેરિકા સંરક્ષણ વિભાગમાંથી લગભગ ૯૦ હજાર સૈનિકોને સૈન્ય દળોમાંથી છૂટા કરી શકે છે. મિલિટરી ડોટ કોમે શુક્રવારે પોતાના રિપોર્ટમાં આ વાતનો દાવો કર્યો છે, જેમાં ત્રણ સૈન્ય અધિકારીઓ હવાલાથી કહેવામાં આવ્યું છે કે સૈન્ય દળોની વર્તમાન ક્ષમતાને ઓછી કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે અમેરિકાની સેનામાં ૪,૫૦,૦૦૦ સૈનિકો સક્રિયપણે જોડાયેલા છે. આ સંભવિત ઘટાડા પછી આ સંખ્યા ૩૬૦૦૦૦થી ૪૨૦૦૦૦ થઈ જશે. આ પહેલા ડીઓજીઈની સાથે તાલ મિલાવીને અમેરિકાના સંરક્ષણ સચિવ પીટ હેગસેથે પેન્ટાગોનને ફાલતું ખર્ચ ઓછા કરવા.

## ૧૧મા ધોરણની વાર્ષિક પરીક્ષા રદ, વિદ્યાર્થીઓ ૨૦૨૬માં આપશે સીધી ધોરણ-૧૨ની પરીક્ષા

### પંચાયતની ચૂંટણીઓને કારણે, શિક્ષણ વિભાગે ધોરણ ૧૧માની વાર્ષિક પરીક્ષાને રદ કરવાનો નિર્ણય લીધો છે

। (એજન્સી) દીસપુર, તા.૫ ।

રાજ્ય શિક્ષણ બોર્ડે ઉચ્ચતર માધ્યમિકની ધોરણ ૧૧ની પરીક્ષા રદ કરી છે અને પરીક્ષાઓ રદ કરવા પાછળનું કારણ પંચાયત ચૂંટણી છે. શિક્ષણ મંત્રીએ શુક્રવારે, ૫ એપ્રિલે મીડિયામાં પરીક્ષાના સમયપત્રકને રદ કરવા અંગેની માહિતી જાહેર કરી છે. તેમણે જણાવ્યું હતું કે, બોર્ડના નિર્ણય મુજબ માર્ચ ૨૦૨૫ની પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓને ૨૦૨૬માં HSની ફાઈનલ પરીક્ષામાં બેસવાની



મંજૂરી આપવામાં આવશે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર જાહેર કરાયેલ પોસ્ટમાં આસામના શિક્ષણ મંત્રી રનોજ પેગુએ જણાવ્યું હતું કે, પંચાયતની ચૂંટણી પ્રક્રિયા ૨૦ મે, ૨૦૨૫ સુધી ચાલુ રહેશે અને શિક્ષકો ચૂંટણીની ફરજોમાં રોકાયેલા છે, તે જોતાં બોર્ડે વર્ષ ૨૦૨૫ની ૧૧મા ધોરણની પરીક્ષા રદ કરવાનો નિર્ણય લીધો છે. બોર્ડના નિર્ણય મુજબ, માર્ચ ૨૦૨૫ની પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓને ૨૦૨૬ની ૧૨મા ધોરણની બોર્ડની ફાઈનલ પરીક્ષામાં બેસવાની મંજૂરી આપવામાં આવશે. આસામ એજ્યુકેશન બોર્ડ દ્વારા જારી કરવામાં આવેલા સત્તાવાર નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, પંચાયત ચૂંટણીની તારીખોની જાહેરાત પછી, તે સ્પષ્ટ છે કે રાજ્યના શિક્ષકો ચૂંટણીઓની તૈયારી, મતદાન/ગણતરી કર્મચારીઓની તાલીમ, ચૂંટણીઓનું સંચાલન અને મત ગણતરી વગેરેમાં રોકાયેલા રહેશે. રાજ્ય ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલ સમયપત્રક મુજબ, ચૂંટણી પ્રક્રિયા ૨૦ મે ૨૦૨૦ સુધી ચાલુ રહી શકે છે. આ સંજોગોમાં, સંસ્થાઓ માટે ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય તે પહેલાં પરીક્ષાઓ આયોજિત કરવી ખૂબ જ મુશ્કેલ હશે અને ચૂંટણી પ્રક્રિયા પછી બાકીની પરીક્ષાઓ આયોજિત કરવામાં ઘણું મોડું થઈ જશે.

### SC-ST માટે બજેટનો ઉચિત હિસ્સો સુનિશ્ચિત કરવા કાયદો બનાવોઃ રાહુલ

। (એજન્સી) કાઠમાંડૂ, તા.૫ ।

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ દલિતો અને આદિવાસીઓ માટે વિશેષ રીતે તૈયાર કરવામાં આવેલી યોજનાઓ માટે બજેટમાં ઉચિત હિસ્સો સુનિશ્ચિત થાય તે માટે કાયદો બનાવવાની શુક્રવારે માંગ કરી છે અને તેમને સત્તામાં ભાગીદાર તથા સરકારમાં તેમની વાત સાંભળવામાં આવે તે માટે નક્કર પગલાં ભરવાનું આહ્વાન કર્યું છે. કોંગ્રેસ નેતાએ કહ્યું કે, તેમણે તાજેતરમાં જ દલિતો અને આદિવાસી સમુદાયોની સાથે જોડાયેલા સંશોધકો, કાર્યકરો અને સામાજિક કાર્યકરો સાથે મુલાકાત કરી હતી. આ સમુદાયના પ્રતિનિધિમંડળે માંગ કરી કે કેન્દ્રીય બજેટનો એક ચોક્કસ હિસ્સો દલિતો અને આદિવાસીઓ માટે ફાળવવા માટે એક રાષ્ટ્રીય કાયદો બનાવવામાં આવે.આ સાથે રાહુલ ગાંધીએ ઉમેર્યુ કે, કર્ણાટક અને તેલંગાણામાં પહેલાથી જ આવા કાયદા છે અને ત્યાં આ સમુદાયના લોકોને લાભ મળી રહ્યો છે. યુપીએ સરકારે પણ રાષ્ટ્રીય સ્તરે દલિતો અને આદિવાસીઓ માટે 'પેટા યોજનાઓ' શરૂ કરી હતી.

RSS વિશે વિવાદિત સવાલ પૂછ્યો

## મેરઠના CCUમાં પોલિટિકલ સાયન્સની પરિક્ષામાં હોબાળો

### પરીક્ષાના પ્રશ્નપત્રમાં RSS ને "આતંકવાદી સંગઠન" અને કટ્ટરપંથી જૂથ સાથે જોડતા વાંધાજનક પ્રશ્ન પૂછવામાં આવ્યો

। (એજન્સી) મેરઠ, તા.૫ ।

મેરઠની ચૌધરી ચરણ સિંહ યુનિવર્સિટીમાં MA પોલિટિકલ સાયન્સની પરિક્ષા દરમિયાન રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) વિશે પૂછવામાં આવેલા વિવાદાસ્પદ પ્રશ્ને ભારે હોબાળો મચાવ્યો છે. પરીક્ષાના પ્રશ્નપત્રમાં આરએસએસને "આતંકવાદી સંગઠન" અને કટ્ટરપંથી જૂથ" સાથે જોડતા વાંધાજનક પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો, જેનો વિદ્યાર્થીઓ અને વિવિધ સંગઠનોએ સખત વિરોધ વ્યક્ત કર્યો હતો. શુક્રવારે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP)ના કાર્યકરોએ યુનિવર્સિટી કેમ્પસમાં પ્રદર્શન કર્યું અને દોષિત શિક્ષક સામે કડક કાર્યવાહીની માંગ કરી. તેમણે કહ્યું કે આવા પ્રશ્નો માત્ર વિદ્યાર્થીઓની વિચારધારાને જ પ્રભાવિત કરતા નથી પરંતુ દેશની પ્રતિષ્ઠિત સંસ્થાને પણ ખોટી રીતે રજૂ કરે છે. એમએ પોલિટિકલ સાયન્સના બીજા વર્ષની પરીક્ષાના પ્રશ્નપત્રમાં RSSની ધાર્મિક અને જ્ઞાતિની ઓળખને રાજકારણ સાથે જોડતો પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો, જેમાં સંગઠનને "આતંકવાદી" અને "કટ્ટરવાદી" સંગઠનોની શ્રેણીમાં વર્ણવવામાં આવ્યું હતું. આ પ્રશ્ન સામે આવ્યા બાદ વિદ્યાર્થીઓ અને શિક્ષકોમાં રોષ ફેલાયો હતો. આ મામલાએ મહત્વ મેળવ્યા પછી, યુનિવર્સિટી વહીવટીતંત્રે ઝડપી તપાસ હાથ ધરી હતી અને પ્રશ્નો તૈયાર કરનાર શિક્ષક પ્રોફેસર સીમા પંવારને દોષી ઠેરવ્યા હતા. જો કે પ્રો. પંવરે પોતાની ભૂલ સ્વીકારીને માફી માંગી હતી, પરંતુ યુનિવર્સિટીએ આ મામલાને ગંભીર ગણીને તેમના પર આજીવન પ્રતિબંધ લગાવી દીધો હતો. આનો અર્થ એ થયો કે હવે તે યુનિવર્સિટીમાંથી કોઈપણ પ્રકારની શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ભાગ લઈ શકશે નહીં. આ બાબત ફરી એકવાર ઉચ્ચ શિક્ષણમાં વિચારધારાની ભૂમિકા અને શિક્ષકોની જવાબદારી પર સવાલો ઉભા કરી રહી છે.

રેલવે ટ્રેક પર મળ્યો લોખંડનો પાઈપ

## પ્રયાગરાજ પાસે રેલવે અકસ્માતની આતંકી યોજના નિષ્ફળ બનાવાઈ

### ફાફામઉ-ઊંચાહાર રૂટ પર અટરામપુર રેલવે સ્ટેશન નજીક રેલવે ટ્રેક પર લોખંડનો થાંભલો મળી આવ્યો હતો

। (એજન્સી) પ્રયાગરાજ, તા.૫ ।

ફાફામઉ-ઊંચાહાર રૂટ પર અટરામપુર રેલવે સ્ટેશન નજીક રેલવે ટ્રેક પર લોખંડનો થાંભલો મળી આવ્યો હતો. એક માલગાડી પાટા પરથી પસાર થવાની તૈયારીમાં હતી. જ્યારે લોકો પાઈલટે પોલ જોયો, ત્યારે તેણે ઈમરજન્સી બ્રેક લગાવી અને ટ્રેન રોકી દીધી. આ ઘટનાની જાણ તાત્કાલિક કંટ્રોલ રૂમને કરવામાં આવી અને થાંભલો ટ્રેક પરથી દૂર કરવામાં આવ્યો. થાંભલો કોણે મૂક્યો તેની શોધખોળ ચાલી રહી છે. આરપીએફ, જીઆરપી સાથે ગુપ્તચર એજન્સીઓને પણ સક્રિય કરવામાં આવી છે. માલગાડીના લોકો પાયલટ સંયોગ શર્માએ જણાવ્યું કે તે માલગાડી લઈને ઊંચાહાર તરફ જઈ રહ્યો હતો. સવારે લગભગ ૪:૧૫ વાગ્યે ટ્રેક પર થાંભલો દેખાયો. આ કિસ્સામાં, ટ્રેન મેનેજર પ્રવીણે પોતાનો રિપોર્ટ પણ આપ્યો છે કે થાંભલાને કારણે અકસ્માત થવાની સંભાવના હતી અને માલગાડી પાટા પરથી ઉતરી શકતી હતી. હાલમાં તેને ટ્રેન પલટી નાખવાનું કાવતરું માનવામાં આવી રહ્યું છે. આ કેસમાં પ્રયાગરાજ આરપીએફના ઈન્ચાર્જ આરબી સિંહે જણાવ્યું હતું કે પ્રયાગરાજ આરપીએફ ચોકી પર કેસનો રિપોર્ટ નોંધવામાં આવી રહ્યો છે. જે લોકોએ થાંભલા પકડી રાખ્યા હતા તેમને શોધવામાં આવી રહ્યા છે. ગયા વર્ષે ઘટના સ્થળથી લગભગ ૧૪ કિમી દૂર ટ્રેક પર સિલિન્ડર, સાયકલ વગેરે મૂકીને વીડિયો બનાવવાનો કિસ્સો પણ પ્રકાશમાં આવ્યો હતો.



## સુરતમાં સામાન ડિલિવરીની આડમાં દારૂની હેરાફેરી

। (એજન્સી) સુરત, તા.૫ ।

ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં છાશવારે બુટલેગરો વિવિધ પ્રકારે દારૂ ગુજરાતમાં પહોંચાડતા ઝડપાયા છે. સુરતમાં પણ આવો જ એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. જેમાં કાફે ડિલિવરીની આડમાં દારૂની હેરાફેરી કરતા ઝડપાયા છે. પોલીસે તપાસ કરતાં વાનમાંથી ૧૦૦ જેટલી વિદેશી દારૂ અને બિયરના ટીન મળી આવ્યા હતાં. સુરતના ઉધનામાં અજય કાફેની ડિલિવરી વાનમાંથી વિદેશી દારૂની હેરાફેરી કરતા હોવાનો મામલો સામે આવ્યો છે. પોલીસે ઉધનાના લક્ષ્મીનારાયણ કમાઉન્ડમાંથી કાફેની આડમાં વિદેશી દારૂ ભરેલો ટેમ્પો ઝડપી પાડ્યો છે. ટેમ્પોમાં નાના-મોટા ૧૦૦ જેટલાં કેન ભરીને દારૂની હેરાફેરી કરવામાં આવી રહી હતી.

## જોડીયાના નજીક કાચા રસ્તે વેપારીને આંતરી લઈ લૂંટી લેવાયો

। (એજન્સી) જામનગર, તા.૫ ।

જામનગર જિલ્લાના જોડિયા તાલુકાના કેશીયા ગામમાં રહેતા એક વેપારી ગઈકાલે ધ્રોળથી પોતાની ૭૦,૦૦૦ ની રોકડ રકમ લઈને ઘેર પરત ફરી રહ્યા હતા, જે દરમિયાન મોડી સાંજે ડબલ સવારી બાઈકમાં આવેલા ચાર લૂંટારુંઓ ધમકી આપી રૂપિયા ૭૦,૦૦૦ ની લૂંટ ચલાવી ભાગી છૂટ્યા હતા. જે બનાવ બાદ જોડીયા પોલીસ અને એલસીબીની ટીમેં ચોતરફ નાકાબંધી કરી લૂંટારુંઓને પકડવા માટેની દોડધામ શરૂ કરી છે. બનાવની વિગત એવી છે કે જોડિયા તાલુકાના કેશીયા ગામમાં રહેતા અને ધ્રોલમાં ઈલેક્ટ્રોનિક માલ સામાનની દુકાન ધરાવતા મીતભાઈ કિરીટભાઈ ગોદવાણી નામના ૨૦ વર્ષનો વેપારી યુવક કે જેઓ ગઈકાલે પોતાની દુકાનેથી ૭૦,૦૦૦ રૂપિયાની રોકડ રકમ સાથે રાખીને મોડી સાંજે પોતાના ઘેર પરત ફરી રહ્યો હતો.

### ૨૫૦૦ પોલીસકર્મીઓ તૈનાત કરવામાં આવશે

# વડોદરામાં રામ નવમીની ઉજવણીને લઈને પોલીસ એક્શનમા આવી

### તહેવારોની ઉજવણીમાં ખલેલ પહોંચાડી શકે તેવા તત્વો પર નજર રાખવા માટે ડ્રોનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે

। (એજન્સી) વડોદરા, તા.૫ ।

વડોદરામાં રામ નવમીની ઉજવણીને લઈને પોલીસ એક્શનમાં આવી છે. આવતીકાલે, ૬ એપ્રિલના રોજ શહેરના વિવિધ વિસ્તારોમાંથી કુલ ૨૭ શોભાયાત્રા કાઢવામાં આવશે. અગાઉ શહેરમાં રામ નવમીના દિવસે શોભાયાત્રા દરમિયાન પથ્થરમારાનો બનાવ બન્યો હતો. આ વર્ષે શોભાયાત્રા પર પથ્થરમારાની ઘટનાઓને પગલે પોલીસે કડક સુરક્ષા વ્યવસ્થા કરી છે. વડોદરામાં સંવેદનશીલ વિસ્તારો પર ડ્રોન થી નજર રાખવામાં આવી રહી છે. રામ નવમી શાંતિપૂર્ણ વાતાવરણમાં ઉજવવા માટે શહેરમાં ૨૫૦૦ પોલીસકર્મીઓ તૈનાત કરવામાં આવશે. આવતીકાલે કાઢવામાં આવનારી શોભાયાત્રા માટે વડોદરા શહેર પોલીસે સઘન તૈયારીઓ કરી છે. ચાલી રહેલા ચૈત્ર નવરાત્રી અને આગામી રામ નવમી જેવા તહેવારોની ઉજવણીમાં કોઈ વિક્ષેપ ન પડે તે માટે શહેર પોલીસે કડક સુરક્ષા વ્યવસ્થા કરી છે. શહેરમાં તહેવારોની ઉજવણીમાં ખલેલ પહોંચાડી શકે તેવા તત્વો પર નજર રાખવા માટે ડ્રોનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. પોલીસ કરીમાંડવીથી લહરીપુરા, ચાંપાનેર દરવાજા, પંજીરીગર મોહલ્લા વગેરે સંવેદનશીલ વિસ્તારોમાં સુરક્ષા તપાસ કરશે અને વધારાના પોલીસ કર્મચારીઓ તૈનાત કરશે. પોલીસ કમિશનરના આદેશને પગલે પોલીસે શહેરના સૌથી સંવેદનશીલ વિસ્તારોમાં ડ્રોનનો ઉપયોગ કરીને સર્ચ હાથ ધર્યું હતું. છત પર પથ્થરો કે અન્ય વસ્તુઓ છે કે કેમ તે તપાસવા માટે ડ્રોન કેમેરાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ડ્રોનની મદદથી સંવેદનશીલ વિસ્તારો નું નિરીક્ષણ કરવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે, અગાઉ વડોદરામાં રામ નવમીના દિવસે રામજીની શોભાયાત્રા પર પથ્થરમારો થયા બાદ, પોલીસે આવતીકાલે સંવેદનશીલ વિસ્તારોમાંથી પસાર થનારી બે શોભાયાત્રાઓ માટે કડક પોલીસ બંદોબસ્તનું આયોજન કર્યું છે. આ માટે પોલીસ અધિકારીઓ સહિત ૨૫૦૦ પોલીસકર્મીઓનો કાફલો તૈનાત કરવામાં આવ્યો છે. ગત વર્ષે શહેરમાં કુંભારવાડાથી નીકળનારી રામનવમીની શોભાયાત્રા ફતેપુરા ચારરસ્તા, અડાણીયાપુલ ચારરસ્તા, ચાંપાનેર દરવાજા થઈ માંડવી એમ.જી.રોડ, લહેરીપુરા દરવાજા, ન્યાયમંદિરથી હઠીલા હનુમાન મંદિર સુધી શોભાયાત્રા કાઢવામાં આવી હતી. સંવેદનશીલ વિસ્તારોમાં પસાર થનારી શોભાયાત્રાને ધ્યાનમાં રાખીને શહેર પોલીસ દ્વારા બધી તૈયારીઓ કરવામાં આવી હતી, તમામ વાહનો માટે વૈકલ્પિક વ્યવસ્થા અને વૈકલ્પિક રુટ નક્કી કરવામાં આવ્યા છે.

### કોર્ટમાં અયોગ્ય રીતે હાજર થવા બદલ સજા ફટકારી

# ગુજરાત હાઈકોર્ટે એક વ્યક્તિ પર ૫૦,૦૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો

### વર્ચ્યુઅલ સુનાવણી દરમિયાન વ્યક્તિ પી રહ્યો હતો સિગારેટ

। (એજન્સી) અમદાવાદ,તા.૫ ।

ગુજરાત હાઈકોર્ટે એક વ્યક્તિ પર ૫૦,૦૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. ગયા મહિને કોર્ટની કાર્યવાહી દરમિયાન આ વ્યક્તિએ સિગારેટ પીધી હતી. તેથી કોર્ટે તેને કોર્ટના તિરસ્કારનો દોષી ઠેરવ્યા. આ દંડ વિશ્વ વરસાણી નામના વ્યક્તિ પર લાદવામાં આવ્યો છે. વારસાણીએ GST ઈનપુટ ક્રેડિટ સંબંધિત કેસમાં આગોતરા જામીન માટે અરજી કરી હતી. ૧૧ માર્ચે તે વીડિયો દ્વારા જસ્ટિસ એચડી સુથારની કોર્ટમાં હાજર થયો. તે દરમિયાન તે સિગારેટ પીતો જોવા મળ્યો.

વરસાણીના આ પગલાંથી કોર્ટ ગુસ્સે થઈ ગઈ. કોર્ટે કહ્યું, 'પ્રથમ નજરે, વિશ્વભાઈ જયંતિલાલભાઈ વરસાણીનું આ વર્તન કોર્ટની ગરિમાને ઓછી કરવા તરફ દોરી રહ્યું છે અને ન્યાયતંત્રની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડી રહ્યું છે.' આ ઈરાદાપૂર્વકનું કૃત્ય છે અને ગુજરાત હાઈકોર્ટ (કોર્ટ કાર્યવાહીનું લાઈવ સ્ટ્રીમિંગ) નિયમો, ૨૦૨૧નું ઉલ્લંઘન છે. જસ્ટિસ સુથારે પોતે આ મામલાની નોંધ લીધી અને વરસાણી સામે કોર્ટના તિરસ્કારની કાર્યવાહી શરૂ કરવાનો આદેશ આપ્યો. જસ્ટિસ એ. એસ. જસ્ટિસ સુપેહિયા અને જસ્ટિસ નિશા ઠાકોરની બેન્ચે વરસાણી પર આરોપ લગાવ્યો અને કહ્યું કે તમારા પગલાથી કોર્ટની છબી ખરાબ થઈ છે. તો શા માટે તમારા પર કોર્ટના તિરસ્કારનો કેસ ન ચલાવવો જોઈએ? વરસાણીએ કહ્યું કે તેને વ્યક્તિત્વ વિકૃતિ છે. આનો અર્થ એ થયો કે તેના વ્યક્તિત્વમાં કંઈક સમસ્યા છે. વરસાણીના વકીલે કહ્યું કે વરસાણીને વ્યક્તિત્વ વિકૃતિ છે. કોર્ટની કાર્યવાહી દરમિયાન ધૂમ્રપાન કરીને કોર્ટનો અનાદર કરવાનો તેમનો ઈરાદો નહોતો.

### ૧૯૮૨થી રથયાત્રાનું આયોજન કરવામાં આવે છે

# મહેસાણામાં ૪૪મી રામનવમી રથયાત્રા, ૧૫૦ કાર્યકરો કરી રહ્યા છે રાત-દિવસ મહેનત

### રામનવમીના ત્રણ મહિના અગાઉથી લગભગ ૧૫૦ કાર્યકરો રથયાત્રાની તૈયારી શરૂ કરી દે છે આ રીતે આ કાર્યક્રમ સફળ બને છે

। (એજન્સી) મહેસાણા, તા.૫ ।

મહેસાણા જિલ્લામાં ૧૯૮૨થી રથયાત્રાનું આયોજન કરવામાં આવે છે, જેમાં ગજરાજ, ઘોડા, વેશભૂષાના કલાકારો અને રામાયણની વિવિધ ઘટનાઓનું પ્રદર્શન મુખ્ય આકર્ષણ હોય છે. આ આયોજન ગ્રામ સેવા સમિતિના કાર્યકરો દ્વારા કરવામાં આવે છે. મહેસાણામાં ૧૯૮૨થી રથયાત્રા અને શોભાયાત્રા નીકળે છે, જેનું સંચાલન રઘુવીરસિંહ શેખાવત દ્વારા કરાય છે. આ આયોજનમાં ૧૦૦ થી ૧૫૦ લોકો વર્ષોથી રામસેવા સમિતિમાં સેવા આપે છે. આ વર્ષે રામનવમીની ૪૪મી રથયાત્રા નીકળશે. દર વર્ષની જેમ રામનવમીના દિવસે બપોરે ૨ વાગ્યે તોરણવાળી માતાના ચોકથી પ્રસ્થાન કરનાર રથયાત્રા ૯-૧૦ વાગે ભ્રમણ પૂર્ણ કરીને પાછી એ જ જગ્યાએ પહોંચશે. આ દોઢ કિલોમીટર લાંબી રથયાત્રા આખા મહેસાણામાં અંદાજે સાત કિલોમીટરનું અંતર કાપશે. રથયાત્રામાં હાથી, ઘોડા, અખાડાના લોકોએ જિમ્નેસ્ટિક પ્રદર્શન આપવાનું છે. તેમજ રામાયણની ૫૦ અલગ અલગ ઘટનાઓ અને અન્ય સંસ્થાઓના વિવિધ આકર્ષણો પણ રજૂ કરાશે. રામ સેવા સમિતિના વડા રઘુવીરસિંહ શેખાવત જણાવે છે કે "૧૯૮૨માં જ્યારે અમે રથયાત્રાની શરૂઆત કરી હતી ત્યારે અયોધ્યામાં રામ મંદિર બન્યું ન હતું, જેના કારણે રથયાત્રાની શરૂઆત કરાઈ હતી. આ રથયાત્રા મહેસાણાના મહત્વના ઉત્સવોમાંથી એક છે. રથયાત્રાની પૂર્વ તૈયારીના ભાગરૂપે મહેસાણાના ૧૨૦ જેટલા ગામોના પ્રવાસ કાર્યકરો દ્વારા આયોજન કરવામાં આવે છે.

## અમદાવાદના શ્યામલમાં બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફ્લોર પર આગ લાગી

### સદનસીબે દુર્ઘટનામાં કોઈ જાનહાનિની ઘટના સામે નથી આવી

। (એજન્સી) અમદાવાદ, તા.૫ ।

અમદાવાદના શ્યામલ વિસ્તારમાં કોર્પોરેટ બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફ્લોર પર આગ લાગી હોવાની ઘટના સામે આવી છે. જોત-જોતામાં બિલ્ડિંગમાં ચારેય તરફ આગનો ધુમાડો ફેલાઈ ગયો હતો. તાત્કાલિક ધોરણે ફાયરની ટીમને આ વિશે જાણકારી આપવામાં આવી હતી. હાલ, ફાયરની ટીમ દ્વારા આગ ઓલવવાનો પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે. હજુ સુધી કોઈ જાનહાનિની ઘટના સામે નથી આવી.

મળતી માહિતી મુજબ, અમદાવાદના શ્યામલમાં મોર્યાંશ એલેન્ધા બોલિંગ બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફ્લોર પર આગ લાગવાની ઘટના સામે આવી હતી. ગ્રાઉન્ડ ફ્લોર પર ´રૂં ની ઓફિસ હતી, જેમાં વહેલી સવારે ૯ વાગ્યાની આસપાસ આગ લાગી હતી. ઘટનાની જાણ થતાં સ્થાનિકો દ્વારા તુરંત ફાયરની ટીમને જાણ કરવામાં આવી હતી. ફાયરની ટીમે તાત્કાલિક ઘટના સ્થળે પહોંચીને આગ ઓલવવાનું કામ શરૂ કર્યું છે. આ બિલ્ડિંગ કાચની હોવાથી ફાયરની ટીમે આગ ઓલવવા માટે કાચ તોડીને અંદર જવું પડ્યું હતું. જોકે, સદનસીબે દુર્ઘટનામાં કોઈ જાનહાનિની ઘટના સામે નથી આવી.

અમદાવાદના શ્યામલ વિસ્તારમાં કોર્પોરેટ બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફ્લોર પર આગ લાગી હોવાની ઘટના સામે આવી છે. જોત-જોતામાં બિલ્ડિંગમાં ચારેય તરફ આગનો ધુમાડો ફેલાઈ ગયો હતો. તાત્કાલિક ધોરણે ફાયરની ટીમને આ વિશે જાણકારી આપવામાં આવી હતી. હાલ, ફાયરની ટીમ દ્વારા આગ ઓલવવાનો પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે. હજુ સુધી કોઈ જાનહાનિની ઘટના સામે નથી આવી.

મળતી માહિતી મુજબ, અમદાવાદના શ્યામલમાં મોર્યાંશ એલેન્ધા બોલિંગ બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફ્લોર પર આગ લાગવાની ઘટના સામે આવી હતી. ગ્રાઉન્ડ ફ્લોર પર ´રૂં ની ઓફિસ હતી, જેમાં વહેલી સવારે ૯ વાગ્યાની આસપાસ આગ લાગી હતી. ઘટનાની જાણ થતાં સ્થાનિકો દ્વારા તુરંત ફાયરની ટીમને જાણ કરવામાં આવી હતી. ફાયરની ટીમે તાત્કાલિક ઘટના સ્થળે પહોંચીને આગ ઓલવવાનું કામ શરૂ કર્યું છે. આ બિલ્ડિંગ કાચની હોવાથી ફાયરની ટીમે આગ ઓલવવા માટે કાચ તોડીને અંદર જવું પડ્યું હતું. જોકે, સદનસીબે દુર્ઘટનામાં કોઈ જાનહાનિની ઘટના સામે નથી આવી.